

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 338
Dt.: 19-08-2025,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ટેરિફ વોરની વચ્ચે અમેરિકાની ભારતને મોટી ધમકી

# રશિયા પાસેથી તેલ ખરીદવા પર અમેરિકાની નારાજગી

## અમેરિકાએ ભારતને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ભારત અમેરિકાનો વ્યૂહાત્મક ભાગીદાર રહેવા માંગે છે, તો તેણે પણ તે મુજબ વર્તન કરવું પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર અને તેમના વેપાર સલાહકાર પીટર નાવારોએ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી અને ચીન સાથેના સંબંધો સામાન્ય કરવા બદલ ભારત વિરુદ્ધ કડક નિવેદનો આપ્યા છે.

નાવારોએ ભારતને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ભારત અમેરિકાનો વ્યૂહાત્મક ભાગીદાર રહેવા માંગે છે, તો તેણે પણ તે મુજબ વર્તન કરવું પડશે. આ નિવેદનોથી બંને દેશો વચ્ચે ચાલી રહેલા વેપાર કરાર પર મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે, કારણ કે અમેરિકાએ ભારત પર પહેલાથી જ વધારાનો ટેરિફ લાદી દીધો છે અને યુએસ ટ્રેડ ટીમે ભારતની મુલાકાત પણ મુલતવી રાખી છે.

ફાઈનાન્સિયલ ટાઈમ્સમાં લખેલા એક લેખમાં, વ્હાઈટ હાઉસના વેપાર સલાહકાર પીટર નાવારોએ ભારત પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે કહ્યું છે કે ભારત એક વૈશ્વિક 'ક્લિયરિંગ હાઉસ' તરીકે કામ કરી રહ્યું છે.

રશિયાના પ્રતિબંધિત તેલને પ્રોસેસ કરીને ભારત તેને મોંઘા નિકાસમાં રૂપાંતરિત કરે છે અને આમ પરોક્ષ રીતે મોસ્કોને ડોલર પૂરા પાડી રહ્યું છે. આ પગલું અમેરિકાના વ્યૂહાત્મક હિતોની વિરુદ્ધ છે, જેના કારણે ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી તેલ ખરીદવા માટે ભારત પર ૨૫% નો વધારાનો ટેરિફ લાદ્યો છે.

આ ટેરિફ લાગુ થતાં ભારત પરનો કુલ અમેરિકન ટેરિફ વધીને ૫૦% થઈ ગયો છે. જોકે, આશ્ચર્યજનક વાત એ છે કે, આ દરમિયાન પુતિન અને ટ્રમ્પ વચ્ચેની બેઠકમાં ખુલાસો થયો હતો કે અમેરિકાએ પોતે રશિયા સાથે ૨૦% વધુ વેપાર કર્યો છે, જે અમેરિકાના બેવડા ધોરણો દર્શાવે છે. ભારતીય વિદેશ મંત્રાલયે આ અંગે કહ્યું છે કે ભારતને અન્યાયી રીતે નિશાન બનાવવામાં આવી રહ્યું છે. અમેરિકાને માત્ર રશિયા સાથેના ભારતના સંબંધોથી જ નહીં, પરંતુ ભારત-ચીન વચ્ચેની વધતી નિકટતાથી પણ સમસ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મહિનાના અંતમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળવાના છે, અને ચીનના વિદેશ પ્રધાન વાંગ યી પણ સરહદી વિવાદો પર ચર્ચા કરવા માટે ભારતની મુલાકાતે છે. નાવારોનો આરોપ છે કે જો ભારત રશિયા અને ચીન બંને સાથે સંબંધો મજબૂત કરે છે, તો અમેરિકા માટે ભારતને આધુનિક શસ્ત્રો આપવાનું જોખમી બની શકે છે. આ નિવેદન સ્પષ્ટપણે દર્શાવે છે કે ટ્રમ્પ વહીવટીતંત્રને ભારતની સ્વતંત્ર વિદેશ નીતિ અને વ્યૂહાત્મક સ્વાયત્તતા પસંદ નથી.

આ વિવાદની સીધી અસર અમેરિકા અને ભારત વચ્ચે ચાલી રહેલી વેપાર કરારની વાટાઘાટો પર પડી છે. ૨૫ થી ૨૯ ઓગસ્ટ સુધી ભારતની મુલાકાતે આવનારી યુએસ ટ્રેડ ટીમે હાલમાં તેની મુલાકાત મુલતવી રાખી છે. આ ઘટના સૂચવે છે કે બંને દેશો વચ્ચે તણાવ વધશે અને વેપાર કરાર તૂટી પણ શકે છે. ભારત પર લાદવામાં આવેલા વધારાના ટેરિફ ૨૭મી ઓગસ્ટથી અમલમાં આવી રહ્યા છે અને હાલમાં તેમાં કોઈ રાહત મળવાની શક્યતા ખૂબ જ ઓછી છે. આ સમગ્ર ઘટનાક્રમ ભારત માટે આર્થિક અને રાજકીય બંને રીતે પડકારજનક સાબિત થઈ શકે છે.

### પંચે તે તમામ નામ પોતાની વેબસાઈટ પર અપલોડ કર્યા

# મતદાર યાદીમાંથી કાઢી નાખેલા ૬૫ લાખ મતદારોના નામ ચૂંટણી પંચે કર્યા જાહેર

## સુપ્રીમ કોર્ટના આદેશ પછી૬૫ લાખ લોકોના નામ જિલ્લા મેજિસ્ટ્રેટની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા, SIR અને મત ચોરીનો મુદ્દો વધુ વકરી રહ્યો છે. કોંગ્રેસ સહીતના વિપક્ષ દ્વારા આ મુદ્દે સતત ચૂંટણી પંચ પર અનેક આક્ષેપો લગાવવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ ચૂંટણી પંચ પણ આરોપો સામે પ્રત્યુતર આપીને તેને સાચા ઠેરવવા માટેના પુરાવાઓ માંગી રહ્યું છે.

SIR દરમિયાન, બિહાર મતદાર યાદીમાંથી લગભગ ૬૫ લાખ મતદારોના નામ દૂર કરવામાં આવ્યા હતા. તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે આ કાઢી નાખેલા નામો જાહેર કરવાનો આદેશ આપ્યો હતો. ચૂંટણી પંચે મતદાર યાદીમાંથી કાઢી નખાયેલા ૬૫ લાખ લોકોના નામ વેબસાઈટ પર અપલોડ કર્યા છે.સુપ્રીમ કોર્ટના આદેશ પછી, ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે, ગઈકાલ રવિવારે કહ્યું કે બિહારની મતદાર યાદીમાંથી દૂર કરાયેલા ૬૫ લાખ લોકોના નામ જિલ્લા મેજિસ્ટ્રેટની વેબસાઈટ પર ( જે તે મતદાર વિસ્તારના ક્ષેત્ર) અપલોડ કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકા અનુસાર, ચૂંટણી નોંધણી અધિકારી (ERO), જે SDM સ્તરના અધિકારી છે, બૂથ લેવલ અધિકારીઓ (BLOs) ની મદદથી મતદાર યાદી તૈયાર કરે છે અને તેને અંતિમ સ્વરૂપ આપે છે.જો બિહારમાં હાથ ધરવામાં આવેલા SIR માં તમારું નામ પણ કાઢી નાખવામાં આવ્યું હોય, તો તમે આ વેબસાઈટ https://voters.eci.gov.in/download-eroll? stateCode=S04 પર જઈને તમારા નામ વિશે માહિતી મેળવી શકો છો. આ સાઈટમાં જઈને જિલ્લા અને વિધાનસભા પસંદ કરીને, તમે તમારા નામ તેમજ તમારી આસપાસના લોકોના નામ પણ ચકાસી શકો છો. ગયા અઠવાડિયે, બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સામેની અરજીઓની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આદેશ આપ્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે પારદર્શિતા વધારવા માટે દૂર કરાયેલા નામો જાહેર કરવા જોઈએ. સુપ્રીમ કોર્ટે અરજીઓની સુનાવણી કરતી વખતે ચૂંટણી પંચને ૫૬ કલાકનો સમય આપ્યો હતો. આ સમય દરમિયાન કાઢી નાખવામાં આવેલા બધા નામો વેબસાઈટ પર અપલોડ કરવાના હતા. કોર્ટના આદેશ મુજબ ચૂંટણી પંચે જિલ્લા વેબસાઈટ પર કાઢી નાખેલા તમામ નામો અપલોડ કર્યા છે. ચૂંટણી પંચે રવિવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી.

આમાં, મુખ્ય ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, મતદાર યાદી પ્રકાશિત થાય તે પહેલાં, સામાન્ય જનતા અને લોકોને તેમના વાંધા નોંધાવવા માટે એક મહિનાનો સમય આપવામાં આવ્યો હતો. હજુ ૧૫ દિવસ બાકી છે. જેમના નામ ડ્રાફ્ટ યાદીમાં નથી તેઓ આધાર કાર્ડ સહીતના જરૂરી પુરાવાઓ દ્વારા મતદાર યાદીમાં પોતાના નામ ઉમેરી શકે છે.

# સરકારે કરી સ્પષ્ટતાઃ યુપીઆઈ પેમેન્ટ પર નહીં લાગે કોઈ પ્રકારનો ચાર્જ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI)ની લોકપ્રિયતા એટલી વધી ગઈ છે કે ઓનલાઈન પેમેન્ટના મામલે ભારત દુનિયામાં સૌથી આગળ છે. અમેરિકાની કુલ વસ્તી કરતાં પણ વધુ UPI ટ્રાન્ઝેક્શન્સ ભારતમાં એક દિવસમાં થાય છે. ૨ ઓગસ્ટના રોજ ભારતમાં ૭૦૭ મિલિયન UPI ટ્રાન્ઝેક્શન્સ થયા, જ્યારે અમેરિકાની વસ્તી ૩૪૧.૨ મિલિયન છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના રિપોર્ટ અનુસાર, ભારત ગ્લોબલ ફાસ્ટ પેમેન્ટ લીડર બની ગયું છે અને આમાં સૌથી મોટો ફાળો UPIનો છે. એવામાં વારંવાર એવા સમાચારો સામે આવી રહ્યા છે કે સરકાર UPI પેમેન્ટ કરવા પર ચાર્જ લગાવવામાં આવશે, પણ સરકારે ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે UPI પેમેન્ટ પર કોઈ ચાર્જ લાગશે નહીં. કેન્દ્ર સરકારે ફરી સ્પષ્ટ કર્યું છે કે UPI દ્વારા થતા ડિજિટલ પેમેન્ટ પર કોઈ ફી લગાવવાનો તેમનો કોઈ ઈરાદો નથી. ભલે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા ૨૦૧૯માં બેંકોને મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) તરીકે ૦.૩૦% સુધી ચાર્જ લેવાની મંજૂરી આપવામાં આવી હોય, પરંતુ નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં જણાવ્યું કે કાયદા મુજબ બેંક ગ્રાહકો પાસેથી UPI પેમેન્ટ માટે કોઈ ચાર્જ લઈ શકશે નહીં. આથી, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT) એ UPI અને RuPay ડેબિટ કાર્ડને કોઈ પણ ફી વગરના ઈલેક્ટ્રોનિક પેમેન્ટ માધ્યમ તરીકે જાહેર કર્યા છે. તેમજ UPI સેવાઓ સરળતાથી ચાલે તે માટે સરકારે ૨૦૨૧-૨૨થી ૨૦૨૪-૨૫ સુધી લગભગ રૂ.૮,૭૩૦ કરોડનું પ્રોત્સાહન પણ પૂરું પાડ્યું છે. UPI ટ્રાન્ઝેક્શન્સ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં ૯૨ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૮,૫૮૭ કરોડ થઈ ગયા છે, જે ૧૧૪%ના વાર્ષિક વૃદ્ધિ દરથી વધ્યા છે. આ જ સમયગાળામાં, ટ્રાન્ઝેક્શન વેલ્યુ ૧.૧૦ લાખ કરોડ રૂપિયાથી વધીને ૨૬૧ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે.સરકારના જણાવ્યા મુજબ એક જ મહિનામાં ૧,૯૪૬.૭૯ કરોડથી વધુ ટ્રાન્ઝેક્શન્સ થયા હોવાનો જુલાઈ ૨૦૨૫માં UPIએ એક નવો રેકોર્ડ બનાવ્યો છે. દેશમાં કુલ ડિજિટલ પેમેન્ટ ટ્રાન્ઝેક્શન્સ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ૨૦૭૧ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૨,૮૩૧ કરોડ થઈ ગયા છે, જે ૪૧%ના CAGRથી વધી રહ્યા છે. આ જ સમયગાળામાં, ટ્રાન્ઝેક્શન વેલ્યુ ૧૯૬૨ લાખ કરોડ રૂપિયાથી વધીને ૩૫૦૯ લાખ કરોડ રૂપિયા થઈ છે.

# એર કેનેડાના ફ્લાઈટ એટેન્ડેન્ટ્સનો હડતાળ સમેટવા ઈન્કાર

(સંપૂર્ણ સમાચાર સેવા)ટોરન્ટો

એર કેનેડાની ફ્લાઈટના હડતાળ પર ઉતરેલાં ૧૦,૦૦૦થી વધુ ફ્લાઈટ એટેન્ડેન્ટ્સનું પ્રતિનિધિત્વ કરતાં યુનિયને સ્પષ્ટ કર્યુ છે કે તે કામ પર નહિ જાય અને હડતાળ ચાલુ રાખશે અને તેના કારણે આવા પીક સમર ટ્રાવેલ સીઝનમાં વિશ્વભરમાં ૧,૦૦,૦૦૦થી વધુ મુસાફરો અટવાયા છે. કેનેડા ઈન્ડસ્ટ્રિયલ રિલેશન્સ બોર્ડે સ્ટાફને બપોરે બે કલાક સુધીમાં કામ પર પાછા ફરવાનો આદેશ આપ્યો હતો. સરકારે પણ દરમિયાનગીરી કરી હતી અને એ પછી એર કેનેડાએ કહ્યું હતું કે રવિવાર સાંજ સુધી કામગીરી શરૂ કરી દેવાશે. પરંતુ કેનેડિયન યુનિયન ઓફ પબ્લિક એમ્પ્લોઈઝ નેશનલ પ્રેસીડેન્ટ માર્ક હેન્કોકે કહ્યું હતું કે અમારા સભ્યો કામ પર નહિ જાય. આખી પ્રક્રિયા જ ખોટી છે અને આ આદેશ ગેરબંધારણીય છે. એર કેનેડાએ અમારી સાથે વાતચીત કરવાનો ઈનકાર કર્યો છે અને તે કોઈ શરત સ્વીકારવા તૈયાર નથી. જોકે આ મામલે સરકાર અને કંપનીનો તત્કાળ પ્રતિસાદ જાણી શકાયો નહતો. અગાઉ એર કેનેડાએ કહ્યું હતું કે પહેલી ફ્લાઈટ દિવસના અંતમાં ફરી શરૂ થશે પરંતુ તેની કામગીરી સામાન્ય થવામાં ઘણા દિવસો લાગશે. શેડ્યૂલ સ્થિર ન થાય ત્યાં સુધી આગામી સાતથી ૧૦ દિવસમાં કેટલીક ફ્લાઈટ્સ રદ કરવામાં આવશે. કામદારોએ હડતાળ પાડ્યાના માત્ર ૧૨ કલાકની અંદર જ ફેડરેલ જોબ્સ મિનિસ્ટર પેટ્ટી હાજદૂએ ૧૦,૦૦૦ જેટલા ફ્લાઈટ એટેન્ડેન્ટ્સને કામ પર પાછા ફરવાનો આદેશ કર્યો હતો અને કહ્યું હતું કે હાલમાં અર્થતંત્ર સાથે જોખમ લેવાનો સમય નથી.

### તમિલનાડુના રાજ્યસભા સાંસદ છે તિરુચી શિવા

# I.N.D.I.A. ગઠબંધન તિરુચી શિવાને ઉમેદવાર બનાવવાની તૈયારીમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં નવા ઉપરાષ્ટ્રપતિની પસંદગી કરવા માટે ૯મી સપ્ટેમ્બરના રોજ ચૂંટણી યોજાવાની છે. ભાજપના નેતૃત્વ હેઠળના NDAએ ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર માટે મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનનું નામ જાહેર કર્યું છે. જ્યારે I.N.D.I.A. ગઠબંધન તમિલનાડુના રાજ્યસભા સાંસદ તિરુચી શિવાને ઉમેદવાર બનાવવાની તૈયારીમાં હોવાની માહિતી સામે આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ઈન્ડિ ગઠબંધન દક્ષિણ ભારતના રાજકારણને ધ્યાને રાખીને શિવાને ઉમેદવાર બનાવી શકે છે, કારણ કે એનડીએના ઉમેદવાર રાધાકૃષ્ણન પણ તમિનલાડુના છે. જો શિવાનું નામ ફાઈનલ કરાશે તો આ વખતે ઉપરાષ્ટ્રપતિ પદ દક્ષિણ ભારતના ખાતામાં જવાનું નક્કી થઈ જશે.

તિરુચિ શિવા એક ભારતીય રાજકારણી અને તમિલનાડુમાં દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) પાર્ટીના વરિષ્ઠ નેતા છે. તેઓ ભારતીય સંસદના ઉપલા ગૃહ, રાજ્યસભામાં તમિલનાડુનું પ્રતિનિધિત્વ કરતા સભ્ય છે. તેમની ગણતરી DMKના પ્રભાવશાળી અને અનુભવી નેતાઓમાં થાય છે.

તિરુચિ શિવા ૧૯૯૬, ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૪ અને ૨૦૨૦માં રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા, જે તેમની પાર્ટીમાં અને રાજકારણમાં તેમની મજબૂત પકડ દર્શાવે છે. તેઓ એક પ્રખર વક્તા અને લેખક તરીકે જાણીતા છે. સંસદમાં વિવિધ સમિતિઓના સભ્ય તરીકે તેમણે કાર્ય કર્યું છે અને DMK યુવા પાંખના ડેપ્યુટી સેક્રેટરી તેમજ સેક્રેટરી જેવા મહત્વના હોદ્દાઓ પણ સંભાળ્યા છે. તેમણે અનેક વખત કેન્દ્ર અને રાજ્ય સ્તરની મહત્ત્વની સમિતિઓમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી છે. શિવાએ ખાસ કરીને સોશિયલ જસ્ટિસ, ફેડરલ સ્ટ્રક્ચર અને સ્ટેટ રાઈટ્સ ઈશ્યૂ પર ઘણું કામ કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, NDAએ ગઈકાલે ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર માટે સી.પી.રાધાકૃષ્ણનું નામ જાહેર કર્યું હતું.

ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડાએ જણાવ્યું કે સંસદીય બોર્ડની બેઠકમાં નવા ઉપ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે તેમના નામ પર મહોર લગાવવામાં આવી છે. સી. પી. રાધાકૃષ્ણન હાલમાં મહારાષ્ટ્રના ૨૪મા રાજ્યપાલ છે. તેમના સમર્થકો તેમને 'તમિલનાડુના મોદી' તરીકે સંબોધિત કરે છે. સી.પી. રાધાકૃષ્ણનનો જન્મ ૨૦ ઓક્ટોબર, ૧૯૫૭ના રોજ તમિલનાડુના તિરુપ્પુર ખાતે થયો હતો. તેમનું પૂરું નામ ચંદ્રપુરમ પોનુસ્વામી રાધાકૃષ્ણન છે. તેમના પિતાનું નામ સી.કે. પોન્નુસ્વામી અને માતાનું નામ કે. જાનકી અમ્માલ છે.

### ખુદ અમેરિકા વિદેશ મંત્રીએ જણાવી દીધી આખી વાત

# ચીન કેમ બચી ગયું અને ભારતના માથે કેમ ફૂટ્યું રશિયન ઓઈલના ટેરિફનું ઠિકરું

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું છે કે, અમેરિકાએ રશિયાના સૌથી મોટા ઓઈલ ખરીદદાર ચીન પર કોઈપણ પ્રકારના સેકન્ડરી સેક્શન્સ કેમ નથી લગાવ્યા, જ્યારે તેનાથી વિપરીત ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે. સાથે જ તેમાં મોસ્કો સાથે નવી દિલ્હીના ટ્રેડ પર ૨૫ ટકા ડ્યુટી પણ સામેલ છે. રુબિયોના જણાવ્યા અનુસાર, બીજિંગ જે રશિયન ઓઈલ ખરીદી રહ્યું છે, તેનો મોટોભાગ રીફાઈન્ડ કરીને ગ્લોબલ માર્કેટમાં વેચવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, ચીન પર કોઈપણ વધારાનો પ્રતિબંધ ગ્લોબલ એનર્જી પ્રાઈસ વધારી શકે છે. રવિવારે ફોક્સ બિઝનેસને આપેલા એક ઈન્ટરવ્યૂમાં રુબિયોએ કહ્યું કે, "જો તમે ચીન જઈ રહેલા અને રીફાઈન્ડ કરવામાં આવતા ઓઈલ તરફ નજર નાંખો, તો તેમાંથી ઘણું બધું ઓઈલ યુરોપમાં વેચવામાં આવી રહ્યું છે. યુરોપ હજી પણ નેચરલ ગેસ ખરીદી રહ્યું છે. હવે કેટલાક દેશો તેનાથી પોતાને દૂર કરવાના પ્રયત્નો કરી રહ્યા છે, પરંતુ યુરોપ પોતાના પ્રતિબંધો સાથે સંબંધિત વધુ પણ કરી શકે છે." તેમણે ચેતવણી આપી કે ચીની રિફાઈનરીઓ પર પ્રતિબંધ લગાવવાથી ગ્લોબલ ઓઈલ પ્રાઈસ પર વિનાશકારી પરિણામો થશે અને કહ્યું કે, "જો કોઈ દેશ પર તમે સેકન્ડરી સેક્શન્સ લગાવો છો- માની લો કે તમે ચીનને રશિયન રશિયન ઓઈલના વેચાણ પર રોક લગાવો છો- તો ચીન માત્ર તે ઓઈલને રિફાઈન કરે છે. ત્યારબાદ તે ઓઈલને ગ્લોબલ માર્કેટમાં વેચવામાં આવે છે, અને જે કોઈપણ તે ઓઈલને ખરીદે છે, તેણે તેની માટે વધુ ચૂકવણી કરવી પડશે કે પછી જો તે ઉપલબ્ધ નથી, તો તેણે તેની માટે કોઈ વૈકલ્પિક સ્ત્રોત શોધવો પડશે." માર્કો રુબિયોએ કહ્યું કે ચીનથી રશિયન ઓઈલ ખરીદનાર યુરોપિયન દેશ પહેલાંથી જ બીજિંગ વિરુદ્ધ કોઈપણ દંડાત્મક કાર્યવાહી પર પોતાની નારાજગી વ્યક્ત કરી ચુક્યા છે. તેમણે કહ્યું કે, "અમે સાંભળ્યું છે કે, જ્યારે તમે પ્રસ્તાવિત સેનેટ બિલ વિશે વાત કરો છો- જેમાં ચીન અને ભારત પર ૧૦૦ ટકા ટેરિફ હતો- અમે ઘણા યુરોપિયન દેશો તરફથી સાંભળ્યું છે- પ્રેસ રિલીઝમાં નહીં, પરંતુ અમે તેને સાંભળ્યું છે કે તેના શું અર્થ હોઈ શકે છે, આ અંગે કેટલીક ચિંતાઓ છે." રશિયા પાસેથી ઓઈલ અને ગેસ ખરીદવાનું ચાલુ રાખવા બદલ યુરોપ પર પ્રતિબંધ લગાવવા અંગે વિચ કરવામાં આવી રહ્યો છે કે કેમ, તેના વિશેના એક સવાલના જવાબમાં માર્કો રુબિયોએ કહ્યું કે, "મને સીધી રીતે યુરોપ પર તેના વિશે (પ્રતિબંધો) નથી ખબર, પરંતુ સેકન્ડરી સેક્શન્સ લાગી શકે છે." તેમણે વધુમાં કહ્યું કે, તેઓ આ મામલે યુરોપિયન દેશો સાથે કોઈપણ પ્રકારના વિવાદમાં નથી પડવા માંગતા. તેમણે કહ્યું, "મને લાગે છે કે આપણે ત્યાં સુધી પહોંચવામાં મદદ કરવા માટે એક મહત્વની ભૂમિકા ભજવી શકીએ છીએ."




# તંત્રી લેખ......

## સમૃદ્ધ ભારત તરફ પ્રયાણ

ભારતના ૭૯મા સ્વાતંત્ર્ય દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતાની લડતમાંથી પ્રેરણા લઈને સમૃદ્ધ ભારતનાં નિર્માણ માટે દેશવાસીઓને આહ્વાન કર્યું છે. લાલ કિલ્લાના બુરજ ઉપરથી દેશને સંદેશ આપતાં એમણે કહ્યું કે, આપણા કિસાનો, પશુપાલકો અને મત્સ્ય ઉદ્યોગના હિતને કોઈ આંચ નહીં આવે. લ્લએમનાં હિતરક્ષણ માટે હું દીવાલ બનીને ઊભો રહીશ.' અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતના કૃષિ, ડેરી અને મત્સ્ય ઉદ્યોગમાં પ્રવેશ મેળવવા દબાણ કરી રહ્યા છે અને ભારત ઉપર લ્લટેરિફ' આક્રમણ કર્યું છે તેનો જવાબ સંસદમાં આપ્યા પછી સ્વાતંત્ર્ય દિને સમગ્ર દેશ સમક્ષ આ વચન આપીને ટ્રમ્પને સંદેશ આપી દીધો છે : હમ નહીં ઝુકેંગે. આ ઉપરાંત સેમિકંડક્ટર - ચિપની અછત અને કટોકટીને પહોંચી વળવા ભારતે જે તાકીદનાં પગલાં ભર્યાં છે તેનાં પરિણામે વર્ષના અંત સુધીમાં ફળ મળશે - એવી ખાતરી પણ આપી છે. હિન્દુસ્તાનને સમૃદ્ધ બનાવવા માટે - આત્મનિર્ભરતા ઉપર ભાર મૂકતાં એમણે વ્યાપારી વર્ગને પણ આહ્વાન કર્યું છે : દિવાળીની ભેટ એડવાન્સમાં જાહેર કરી છે કે, જીએસટીમાં મહત્ત્વના સુધારા માટે નિષ્ણાતોનો અહેવાલ આવતાં જાહેર કરવામાં આવશે. આવકવેરામાં અપાયેલી રાહતનો લાભ વિશાળ વર્ગને મળ્યો છે. વડાપ્રધાને આ પ્રસંગે ભારતીય ભાષાઓનાં સંવર્ધનને મહત્ત્વ આપીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રાદેશિક ભાષાઓને અન્યાય થયાની ફરિયાદનો જવાબ આપી દીધો છે. જ્યોતિબા ફુલેની જન્મજયંતીની ભવ્ય ઉજવણી થશે. વિકસિત ભારત ઉપરાંત ઓપરેશન સિંદૂરની સફળતા જણાવીને સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર ભારતનું ગૌરવ વધાર્યું હતું. આપણા અર્થતંત્રને મૃતઃપ્રાય ગણાવનાર ટ્રમ્પને વડાપ્રધાનના આત્મવિશ્વાસ અને ભારતના વિકાસનો આઘાત જરૂર લાગ્યો હશે.

વધારામાં એસએન્ડપી ગ્લોબલ એજન્સીએ ભારતના આંક - રેટિંગમાં ૧૯ વર્ષે વધારો જાહેર કર્યો છે. ૨૦૦૭માં મૂડીરોકાણ માટે ભારતનું સ્થાન - આંક સૌથી નીચે હતા તે ઓગસ્ટ-૨૦૨૫માં સકારાત્મક અને સ્થિર આંક મળ્યો છે. ટ્રમ્પના ટેરિફ (જકાત વધારા)ની અસર પણ સામાન્ય હશે એમ અહેવાલમાં જણાવાયું છે : ટ્રમ્પને આ સજ્જડ જવાબ મળ્યો છે અને તે પણ સમયસર, ભારતના સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ આ લ્લભેટ' મળી છે. આપણા વિપક્ષોએ તો ચૂંટણીપંચ અને સરકાર સામે દેખાવો કરીને રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી છે.

આ વિમાન તો ઉપયોગને લાયક જ નથી..

## એર ઈન્ડિયાનું પ્લેન ઉડાવવા પાઈલટે કરેલો સ્પષ્ટ ઈનકાર

### છેલ્લા કેટલાક દિવસોમાં એર ઈન્ડિયાનું આ ત્રીજુ વિમાન છે, જેને એરક્રાફટ ઓન ગ્રાઉન્ડ કરવુ પડ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોચી એરપોર્ટ પર રવિવારે રાત્રે દિલ્હી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI504 અચાનક ટેકઓફ થતાં પહેલાં જ કેન્સલ કરવામાં આવી હતી. ટેક્નિકલ ખામીઓની જાણ થતાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના લીધે મુસાફરોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ ફ્લાઈટમાં અમુક સાંસદો પણ સવાર હતા. જેમાં રાજ્યસભાના સાંસદ જેબી મથર પણ સામેલ હતાં. તેમણે જણાવ્યું કે, કેપ્ટને વિમાનને ટ્રાવેલ માટે ઉપયોગ કરી શકાય તેમ ન હોવાનું કહી ઉડાન ભરવાનો ઈનકાર કર્યો હતો.

સાંસદ જેબી મથરે જણાવ્યું કે, ટેક ઓફ પહેલાં જ પાયલટે જાહેરાત કરી હતી કે, આ એરક્રાફ્ટ હવે મુસાફરી માટે ઉપયોગમાં લઈ શકાશે નહીં. મુસાફરોને બીજા એરક્રાફટમાં શિફ્ટ કરવામાં આવશે અને તે લગભગ રાત્રે ૧ વાગ્યે ટેકઓફ કરશે. આ ફ્લાઈટમાં કોંગ્રેસ સાંસદ હિબી ઈડન પણ ઉપસ્થિત હતાં. તેમણે સોશિયલ મીડિયા પર જાણકારી આપી હતી કે, ટેકઓફ દરમિયાન ફ્લાઈટમાં અજીબોગરીબ ઝટકો વાગ્યો હતો. જેમ કે, વિમાન રનવે પરથી લપસી ગયુ હોય. બાદમાં પાયલટે જાહેરાત કરી કે, એર ઈન્ડિયાએ AI504 ફ્લાઈટ કેન્સલ કરી છે. નવી ફ્લાઈટ રાત્રે ૧ વાગ્યે ટેકઓફ કરશે. પરંતુ હજુ સુધી બોર્ડિંગ શરૂ થઈ નથી. હિબી ઈડને જણાવ્યા પ્રમાણે, છેલ્લા કેટલાક દિવસોમાં એર ઈન્ડિયાનું આ ત્રીજુ વિમાન છે, જેને એરક્રાફટ ઓન ગ્રાઉન્ડ કરવુ પડ્યું હતું.

એર ઈન્ડિયાએ નિવેદન આપ્યું કે, ફ્લાઈટ AI504 કોચીથી દિલ્હી જઈ રહી હતી. તેમાં ટેકઓફ દરમિયાન ટેક્નિકલ ખામીઓ જણાતાં ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે. એરલાઈનના પ્રવક્તાએ જણાવ્યું કે, કોકપિટ ક્રૂએ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝરનું પાલન કરતાં ટેક-ઓફ રન રોક્યું છે. વિમાનને મેઈનટેનન્સ ચેક માટે પરત બે પર લઈ જવામાં આવ્યું છે. તેનું વિમાન એરબસ A321 હતું.

ઉપ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મોટો ખેલ થવાની આશંકા

## વિપક્ષી ગઠબંધનના નેતાએ કર્યા NDA ઉમેદવારના વખાણ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નેશનલ ડેમોક્રેટિક એલાયન્સે મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનને ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાનારી ઉપ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. આ મોટા પગલા પછી, શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતે તેમને જાહેરમાં અભિનંદન અને શુભકામનાઓ પાઠવી છે. જેને લઈને હવે અલગ-અલગ અટકળો ચાલી રહી છે.

સંજય રાઉતે એક નિવેદન આપતા કહ્યું કે, સી.પી. રાધાકૃષ્ણનનું વ્યક્તિત્વ ખૂબ જ સારું છે, તેઓ વિવાદાસ્પદ વ્યક્તિ નથી અને તેમની પાસે ઘણો અનુભવ છે. હું તેમને શુભકામનાઓ આપું છું. સાંસદ સંજય રાઉતે જાહેરમાં કરેલા આ વખાણથી એવા સંકેતો મળી રહ્યા છે કે શિવસેના (UBT), જે હાલમાં વિપક્ષના મુખ્ય પક્ષોમાં છે, તે NDA માટે નરમ વલણ અપનાવી શકે છે.

વિપક્ષી ગઠબંધન I.N.D.I.A. માં જોડાયેલી તમિલનાડુની મુખ્ય પાર્ટી DMK એક મોટી મૂંઝવણમાં છે. NDAના ઉપરાષ્ટ્રપતિ ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણન તમિલ છે. જો DMK તેમનો વિરોધ કરશે, તો તમિલનાડુના લોકોની લાગણીઓ વિરુદ્ધ જઈ શકે છે. હવે DMK સામે બે વિકલ્પ છે... એક તો પોતાના I.N.D.I.A. ગઠબંધન સાથે ઊભા રહેવું અને બીજો વિકલ્પ એ કે પ્રાદેશિક લાગણીઓનું ધ્યાન રાખીને રાજકીય સંતુલન જાળવવું. જો DMK અને શિવસેના UBT જેવા પક્ષો NDA ઉમેદવારને ટેકો આપે, તો તે I.N.D.I.A. ગઠબંધન માટે એક મોટો ફટકો સાબિત થઈ શકે છે.NDAએ તેમના ઉમેદવારનું નામ જાહેર કર્યું છે. હવે I.N.D.I.A ગઠબંધન આવતા થોડા દિવસોમાં તેમની રણનીતિ નક્કી કરશે. જોકે, હજુ સુધી વિપક્ષી જૂથમાં કોઈ મોટી ફૂટ પડી હોવાના સમાચાર સામે આવ્યા નથી. તેમ છતાં, ભાજપે ઉપરાષ્ટ્રપતિ પદ માટે જે ઉમેદવારનું નામ આપ્યું છે, તેને ઘણા નિષ્ણાતો એક મોટો રાજકીય દાવ માની રહ્યા છે.

સોમનાથ ટ્રસ્ટ અંદાજે ૧ કરોડના ખર્ચે લાડુ પ્રસાદના રૂપમાં ૨૮ ટન પોષણયુક્ત આહાર બાળકોને અપાશે

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે સોમનાથ મહાદેવના દર્શન પૂજન કર્યા

### સોમનાથ ટ્રસ્ટ દ્વારા આંગણવાડીના ભૂલકાઓ માટે લાડુના દૈનિક પોષણ પ્રસાદ વિતરણનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાના પ્રતિક એવા ભગવાન સોમનાથ મહાદેવના ભાવપૂર્વક દર્શન-અર્ચન અને જલાભિષેક પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે પૌરાણિક શિવ મંદિરોના દર્શન-પૂજનનો ઉપક્રમ શ્રદ્ધાપૂર્વક પ્રયોજયો છે. તદઅનુસાર, શ્રાવણ માસના પ્રથમ સોમવારે ગાંધીનગર નજીકના ધોળેશ્વર મહાદેવ, ત્યારબાદ બીજા સોમવારે ભરૂચના કાવી-કંબોઈ ખાતેના સ્તંભેશ્વર મહાદેવ અને ત્રીજા સોમવારે ઐતિહાસિક ધરોહર સમાન વડનગરના હાટકેશ્વર મહાદેવના દર્શન-પૂજન તેમણે કર્યા હતા.

પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવારે મુખ્યમંત્રીશ્રી દ્વાદશ જ્યોતિર્લિંગના પ્રથમ જ્યોતિર્લિંગ અને સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ સોમનાથ મહાદેવના દર્શન પૂજન માટે પહોંચ્યા હતા અને ભોળાનાથના ચરણોમાં શિશ ઝુકાવીને શ્રદ્ધાપૂર્વક દર્શન કરીને સૌના મંગલની તથા રાજ્ય-રાષ્ટ્રની પ્રગતિ અને સુખાકારીની પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગીર સોમનાથ જિલ્લાના આંગણવાડીના નાના ભૂલકાઓ માટેના લાડુપોષણ પ્રસાદ વિતરણનો શુભારંભ પણ કરાવ્યો હતો.

વડાપ્રધાનશ્રી અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ''પોષણ ભી પઢાઈ ભી''નો મંત્ર આપીને ભૂલકાઓના અભ્યાસ સાથે પોષણની પણ ચિંતા કરી છે.

સોમનાથ ટ્રસ્ટ દ્વારા વડાપ્રધાનશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનમાં આ અભિગમને આગળ ધપાવતા આગામી એક વર્ષ માટે ગીર સોમનાથ જિલ્લામાં ૭ લાખ લાડુ પ્રસાદ વિતરણનો સેવાયજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. અંદાજે ૧ કરોડ રૂપિયાના ખર્ચે સોમનાથ મહાદેવ ટ્રસ્ટ ૨૮ ટન લાડુનો પોષણક્ષમ આહાર આંગણવાડીના બાળકો સુધી પહોંચાડશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આરંભ કરાવેલા આ દૈનિક પોષણ પ્રસાદ વિતરણમાં આપવામાં આવનારા લાડુના પેકિંગ માટે સોમનાથ ટ્રસ્ટે માનવ હસ્તક્ષેપ વિનાનું ઓટોમેટીક પેકેજીંગ મશીન વિકસાવ્યું છે. આ મશીનના ઉપયોગથી એર ટાઈટ રીતે અને સંપૂર્ણ સ્વચ્છતા સાથે લાડુ પેક કરવામાં આવે છે.

એટલું જ નહીં, પર્યાવરણ જાળવણીના વડાપ્રધાનશ્રીના સંકલ્પને અનુરૂપ આ લાડુના પેકિંગમાં બાયોડીગ્રેડેબલ મટીરીયલનો ઉપયોગ કરવામાં આવેલો છે. સોમનાથ દાદાના પોષણ પ્રસાદનું વિતરણ આગામી એક વર્ષ સુધી અવિરત કરવાનું આયોજન પણ સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે.

વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં સોમનાથ ટ્રસ્ટ સામાજિક સેવાની પરંપરા પણ નિભાવતું આવ્યું છે. ટ્રસ્ટ દ્વારા દર વર્ષે કેરીની સિઝનમાં ''કેરી મનોરથ'' યોજીને જિલ્લાની આંગણવાડીના બાળકોને અંદાજિત ૨૫૦૦ કિલો કેરીનું વિતરણ કરવામાં આવે છે. થોડા સમય પહેલાં જ કચ્છની મીઠી મધુરી ખારેકનો સોમનાથ દાદાને મનોરથ કરીને ૧૫૦૦ કિલો ખારેક આંગણવાડીમાં વિતરણ કરવામાં આવી હતી. વિશેષ રૂપે ગીર સોમનાથની આંગણવાડીઓમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા દૈનિક ૫૦ ગ્રામ મગફળી અને ગોળની ચિક્કી પોષણ આહાર સ્વરૂપે એક વર્ષ સુધી વિતરણ કરવામાં આવી હતી.

"સૌના નાથ સોમનાથ" એ ધ્યેય સાથે સમાજના દરેક વર્ગને સ્પર્શતી સેવાઓ સોમનાથ ટ્રસ્ટ પુરી પાડતું આવ્યું છે. સોમનાથ મહાદેવને અર્પિત થતા પીતાંબર તથા માતા પાર્વતીને અર્પિત થતી સાડીઓ વસ્ત્રપ્રસાદ સ્વરૂપે છેલ્લા બે વર્ષમાં ૧૭,૦૦૦થી વધુ જરૂરિયાતમંદોને પહોંચાડવામાં આવી છે. દર મહિને દાંત રોગ નિદાન કેમ્પ, કૃત્રિમ અંગ વિતરણ, ફિઝિયોથેરાપી સેવા, સર્વ રોગ નિદાન કેમ્પની સેવાનો હજારો લોકોને લાભ મળે છે. ટ્રસ્ટની ગીર ગૌશાળામાં ઉત્તમ ગૌવંશનું સંવર્ધન તથા રાજ્યની ગૌશાળાઓમાં નંદી પ્રસાદ આપીને ગુજરાતની ગૌશાળાઓમાં ગીર ગાયોના વંશ સુદ્રઢીકરણનું કાર્ય પણ સોમનાથ ટ્રસ્ટ કરે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં અખંડ સેવાની ધૂણી ચલાવતું શ્રી સોમનાથ મંદિર ટ્રસ્ટ ભક્તો માટે સ્વચ્છતા, પવિત્રતા, સ્વાસ્થ્ય અને સમાનતાનો પર્યાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સોમનાથ ટ્રસ્ટની બહુવિધ સેવાકીય પ્રવૃત્તિઓની પણ જાણકારી મેળવી હતી. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જે. ડી. પરમાર અને સેક્રેટરી શ્રી યોગેન્દ્ર દેસાઈએ મુખ્યમંત્રીશ્રીનું સોમનાથ મદિર પરિસરમાં સ્વાગત કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીની સોમનાથ મુલાકાત દરમિયાન જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મંજૂલાબહેન મૂછાર, ધારાસભ્ય સર્વે શ્રી પ્રદ્યુમનભાઈ વાજા, ભગવાનભાઈ બારડ, કાળુભાઈ રાઠોડ, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ શ્રી પલ્લવીબહેન જાની, કલેક્ટર શ્રી એન.વી.ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસવડા શ્રી મનોહરસિંહ જાડેજા, અગ્રણી શ્રી ઝવેરીભાઈ ઠકરાર, શ્રી સંજય પરમાર, પૂર્વ ધારાસભ્ય સર્વ શ્રી જશાભાઈ બારડ, રાજશીભાઈ જોટવા, અગ્રણી શ્રી મહેન્દ્રભાઈ પીઠિયા, માનસિંહ પરમાર સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

રથ વીજ તાર સાથે અથડાતા ૫ ભક્તોના મોત

## હૈદરાબાદમાં જન્માષ્ટમીની શોભાયાત્રામાં દુર્ઘટના

(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ

હૈદરાબાદમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ દરમિયાન ગઈકાલે રવિવારે મોટી દુર્ઘટના ઘટી હતી. રામંતાપુર વિસ્તારમાં ભગવાન શ્રીકૃષ્ણની શોભાયાત્રા દરમિયાન અચાનક રથ ઉપરથી પસાર થઈ રહેલા હાઈટેન્શન વાયરના સંપર્કમાં આવ્યો હતો. જેના લીધે કરંટ લાગતા ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ કરંટમાં પાંચ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. અન્ય ઘણા ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોમાં કેન્દ્રીય મંત્રી કિશન રેડ્ડીનો ગનમેન પણ સામેલ છે.

આ દુર્ઘટનામાં પાંચ શ્રદ્ધાળુઓના મોત થયા હતા, જ્યારે ચાર લોકો ગંભીર રૂપે ઘવાયા હતા. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. તેમની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ દુર્ઘટના ગઈકાલે રવિવારે રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ રામંથપુર વિસ્તારમાં થઈ હતી.

મૃતકોની ઓળખ ક્રિષ્ના યાદવ, શ્રીકાંત રેડ્ડી, રૂદ્ર વિકાસ, સુરેશ યાદવ અને ક્રિષ્ના તરીકે થઈ છે.

કેન્દ્રીય મંત્રી કિશન રેડ્ડીનો ગનમેન પણ આ શોભાયાત્રામાં સામેલ હતો. જેને પણ ગંભીર ઈજા થઈ છે. ભગવાન કૃષ્ણનો રથ ખેંચતી વખતે રથ અચાનક ઉપરથી પસાર થઈ રહેલા હાઈ ટેન્શન વાયરના સંપર્કમાં આવતાં માહોલ ગમગીન થયો હતો. મૃતકોના શબ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. શબના પોસ્ટમોર્ટમ બાદ પરિવારજનોને સોંપવામાં આવશે.

## ગ્રિમકો દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં લેધર-રેકઝીન આર્ટિકલ્સ મેકિંગના કુલ ૨ હજારથી વધુ લાભાર્થીઓ તાલીમબદ્ધ

### રાજ્ય સરકાર દ્વારા રૂ. ૬.૫૫ કરોડ કરતાં વધુના ખર્ચે વિવિધ સ્થળોએ ૭૩ તાલીમ વર્ગોનું કરાયું આયોજન



ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડ-ગ્રિમકો દ્વારા ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં રહેતા સ્વરોજગાર ઈચ્છુક ભાઈ-બહેનો માટે લેધર અને રેકઝીન આર્ટિકલ્સ મેકિંગના ત્રણ માસના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ગ્રીમકો દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ થી વર્ષ ૨૦૨૪-૨૫ એમ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રૂ. ૬.૫૫ કરોડ કરતાં વધુના ખર્ચે વિવિધ ગ્રામ્ય કક્ષાએ કુલ ૭૩ તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લેધર અને રેકઝીન આર્ટિકલ્સ મેકિંગના કુલ ૨,૦૨૩ લાભાર્થીઓને તાલીમ આપી કૌશલ્યબદ્ધ કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર કારીગરોને સ્વરોજગાર અને આર્થિક સશક્તિકરણની તકો પૂરી પાડવા માટે કટિબદ્ધ છે. જે અંતર્ગત કુટિર-ગ્રામોદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત અને રાજ્ય કક્ષાના મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં ગ્રિમકો દ્વારા તાલીમાર્થીઓ પર ભારણ ન પડે તે હેતુથી ત્રિમાસિક તાલીમ દરમિયાન કાચો માલ-સામાન, બેનર્સ અને સ્ટેશનરી કિટ પૂરી પાડવામાં આવે છે. જેમાં ૯૦ ટકા હાજરી ધરાવતાં તાલીમાર્થીઓને રૂ. ૨,૫૦૦ પ્રતિ માસ એમ કુલ રૂ. ૭,૫૦૦ સ્ટાઈપેન્ડ, પ્રમાણપત્ર અને સરકારની મંજૂરી બાદ સિલાઈ મશીન પણ આપવામાં આવે છે. ગ્રિમકો દ્વારા આયોજિત આ તાલીમ કાર્યક્રમ ગ્રામીણ લાભાર્થીઓને આર્થિક રીતે સ્વાવલંબી અને આત્મનિર્ભર બનાવવામાં મદદ કરે છે. તાલીમ દરમિયાન લાભાર્થીઓ બનાવેલી વસ્તુઓનું પોતે વેચાણ કરીને પણ આવક મેળવી શકે છે. જ્યારે તાલીમ વર્ગ પૂર્ણ કરેલ કુશળ અને ઉત્સાહી તાલીમાર્થીઓને નવા તાલીમ વર્ગમાં આસિસ્ટન્ટ ઈન્સ્ટ્રકટર તરીકે નિમણૂક આપી તેઓને રોજગારી આપવામાં આવે છે, જેમાં રૂ. ૧૫,૦૦૦ પ્રતિ માસ લેખે ત્રણ માસના તાલીમ કાર્યક્રમ દરમિયાન રૂ. ૪૫,૦૦૦ વેતન આપવામાં આવે છે. તેવી જ રીતે તાલીમ

કાર્યક્રમ પૂર્ણ કરી સંપૂર્ણ રીતે સક્ષમ થયા બાદ તેઓને ઈન્સ્ટ્રકટર તરીકે પણ નિમણૂક આપવામાં આવે છે, જેમાં રૂ. ૨૦,૦૦૦ પ્રતિ માસ લેખે ત્રણ માસના રૂ. ૬૦,૦૦૦ વેતન આપવામાં આવે છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં ૮ તાલીમાર્થીઓને આસિસ્ટન્ટ ઈન્સ્ટ્રકટર અને ૩ જેટલા તાલીમાર્થીઓને ઈન્સ્ટ્રકટર તરીકે નિમણૂક આપી રોજગારી આપવામાં આવી છે.

ગ્રામીણ કારીગરોને ઉચ્ચ ગુણવત્તાવાળી વસ્તુઓના ઉત્પાદન માટે વધુ સક્ષમ બનાવવા અને નિવાસ સ્થાન નજીક રોજગારીની તકો પૂરી પાડવાના હેતુસર ચેન્નાઈની સેન્ટ્રલ લેધર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ-CLRIના ઈન્સ્ટ્રકટર્સ દ્વારા લેધર આર્ટિકલ્સ મેકિંગની તાલીમ લાભાર્થીઓના પોતાના રહેઠાણની નજીક જ આપવામાં આવે છે.

આ ઉપરાંત ગ્રિમકોના ઉપક્રમે ફૂટવેર ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ-F.D.D.I., અંકલેશ્વર ખાતે રેસિડેન્શિયલ તાલીમ વર્ગો યોજાય છે, જેમાં રહેવા-જમવાની સાથે પ્રમાણપત્ર, નોકરીની તકો અને રોજગાર શરૂ કરવા માર્ગદર્શન આપવામાં આવે છે. જે અંતર્ગત F.D.D.I.એ ત્રણ તાલીમાર્થીઓને ચાર વર્ષના રેગ્યુલર ડિગ્રી કોર્ષ માટે પસંદ કરી, રૂ.૩,૦૦૦ માસિક સ્ટાઈપેન્ડ, રૂ. ૫,૦૦૦ વાર્ષિક પુસ્તકો માટે અને રૂ. ૪૫,૦૦૦ કોમ્પ્યુટર માટે સ્કોલરશીપ પણ આપી છે. આમ, F.D.D.I. અને CLRI જેવી સંસ્થાઓ સાથેનો સહયોગ ઉચ્ચ ગુણવત્તાવાળી તાલીમ અને શૈક્ષણિક સહાય પૂરી પાડે છે, જે લાભાર્થીઓની કૌશલ્ય વૃદ્ધિમાં મહત્વનું યોગદાન આપે છે. અત્રે ઉલ્લેખનીય છે કે લેધર અને રેકઝીન આર્ટિકલ્સ મેકિંગની ત્રણ માસની તાલીમ માટે ગ્રિમકો દ્વારા વિવિધ ગામડાઓમાં સર્વે કરી, ૧૮ થી ૪૫ વર્ષની વયના ઈચ્છુક ઉમેદવારો સાથે બેઠક યોજી તાલીમ વિશે માહિતી આપવામાં આવે છે. આ ઉપરાંત ગ્રિમકો દ્વારા લાભાર્થીઓને જરૂરી સાધન સહાય ટૂલકિટ પૂરી પાડવી, સરસ્વતી સાધના યોજના અને વિદ્યા સાધના યોજના અંતર્ગત સાયકલો પૂરી પાડવી, સરકારી કચેરીઓનું આંતરિક સુશોભન-નવિનીકરણ કરવું, ગ્રામીણ કારીગરોને તેમના નિવાસ સ્થાન નજીક રોજગાર પૂરો પાડવા સક્ષમ બને તે માટે લેધર-રેકઝીન આર્ટિકલ્સ મેકિંગની તાલીમ આપવી જેવા વિવિધ કાર્યો પણ કરવામાં આવે છે.

- જીગર બારોટ

૧૦ સેકન્ડના ૧૬ લાખ રૂપિયા

## એશિયા કપમાં ભારતની મેચથી થશે બ્રોડકાસ્ટર્સને કરોડોની કમાણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એશિયા કપ ૯ સપ્ટેમ્બરથી શરૂ થશે. ભારતીય ક્રિકેટ ટીમ ૧૦ સપ્ટેમ્બરથી UAE સામેની મેચથી પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ પછી ૧૪ સપ્ટેમ્બરે ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે, જેના પર આખી દુનિયાની નજર રહેશે. બંને ટીમો દ્વિપક્ષીય શ્રેણી રમતી નથી તેથી જ્યારે પણ તેઓ ICC ટુર્નામેન્ટ કે ACC ટુર્નામેન્ટમાં એકબીજાનો સામનો કરે છે, ત્યારે ઉત્સુકતા વધુ વધી જાય છે. જોકે આ વખતે પરિસ્થિતિ થોડી અલગ છે, પરંતુ તેમ છતાં જાહેરાતોના સંદર્ભમાં આ મેચની માંગ સૌથી વધુ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. બ્રોડકાસ્ટર્સ પણ આ તકનો લાભ લેવા માંગે છે. એશિયા કપ ૨૦૨૫ના મીડિયા અધિકારો સોની પિક્ચર નેટવર્ક ઈન્ડિયા પાસે છે, ટીવી પર લાઈવ પ્રસારણ સોની સ્પોર્ટ્સ નેટવર્ક પર થશે જ્યારે લાઈવ સ્ટ્રીમિંગ સોની લિવ એપ પર થશે. અહેવાલો અનુસાર, બ્રોડકાસ્ટરે જાહેરાતોના દર જાહેર કર્યા છે, ભારતની મેચો માટે દર ઊંચા છે અને સૌથી વધુ માંગ ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચની છે.

એશિયા કપમાં હાલમાં ભારત પાસે ૩ મેચ ફિક્સ છે, પરંતુ એવી શક્યતા છે કે ભારત સુપર ૪ માં પ્રવેશ કરશે. આવી સ્થિતિમાં મેચોની સંખ્યા ૬ થઈ જશે અને જો ભારત ફાઈનલમાં પહોંચે છે તો ભારત પાસે કુલ ૭ મેચ હશે. જો પાકિસ્તાન પણ સુપર ૪ માં પહોંચે છે તો ભારત અને પાકિસ્તાન વચ્ચેની બીજી મેચ પણ ફિક્સ થશે, જો બંને ટીમો ફાઈનલમાં ટકરાય છે તો તેમની વચ્ચે કુલ ૩ મેચ થશે.

બિઝનેસ સ્ટાન્ડર્ડના રિપોર્ટમાં ઈકોનોમિક ટાઈમ્સને ટાંકીને કહેવામાં આવ્યું છે કે સોની નેટવર્કે ભારતની મેચો માટે ટીવી જાહેરાતો માટે સૌથી વધુ દર નક્કી કર્યા છે. આ ૧૦ સેકન્ડ દીઠ ૧૪ થી ૧૬ લાખ રૂપિયા છે. એટલે કે, જો કંપનીઓ ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચમાં તેમની જાહેરાતો બતાવવા માંગતી હોય તો તેમને તેના માટે મોટી રકમ ચૂકવવી પડશે. ટીવી જાહેરાતોમાં પ્રેઝન્ટેશન સ્પોન્સરશિપ માટે ૧૮ કરોડ રૂપિયા અને એસોસિયેટ સ્પોન્સરશિપ માટે ૧૩ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. કો-પ્રેઝન્ટિંગ અને હાઈલાઈટ્સ પાર્ટનર માટે કંપની દીઠ ૩૦ કરોડ રૂપિયા, કો-પાવર્ડ બાય પેકેજ માટે ૧૮ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. ડિજિટલ જાહેરાતોનો ૩૦ ટકા હિસ્સો ભારતની મેચો માટે અનામત રાખવામાં આવ્યો છે. ક્રિકેટ એશિયા કપ ૯ સપ્ટેમ્બરથી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન UAEમાં યોજાશે. કુલ ૧૯ મેચ ૮ ટીમો વચ્ચે રમાશે, આ T20 ફોર્મેટમાં હશે. ૮ ટીમોને ૪-૪ ના ૨ ગ્રુપમાં વિભાજિત કરવામાં આવી છે.

ગ્રુપ A: ભારત, પાકિસ્તાન, ઓમાન, UAE

ગ્રુપ B: અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, હોંગકોંગ, શ્રીલંકા.

## રાજસ્થાનમાં પણ મેરઠ જેવું કાંડ વાદળી ડ્રમમાંથી લાશ મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)અલવર

ઉત્તરપ્રદેશના મેરઠ શહેરમાં સૌરભ રાજપૂતની હત્યા કરીને તેની લાશ વાદળી ડ્રમમાં નાખી દેવાની ઘટનાએ ભારે ચકચાર મચાવી હતી. હવે રાજસ્થાનના ખૈરથલ-તિજારા જિલ્લામાંથી પણ આવી જ એક ઘટના પ્રકાશમાં આવી છે. યુપીની ઘટનામાં લાશની સાથે સીમેન્ટ નાખી દેવાઈ હતી. આ ઘટનામાં લાશને ઓગળાવવા માટે તેમાં મીઠું નાખવામાં આવ્યું હતું. જોકે ડ્રમમાંથી વાસ આવતાં મકાન માલિકે જોયું તો આખો મામલો પ્રકાશમાં આવ્યો હતો.ઘટનાની વિગત એવી છે કે યુપીનો રહેવાસી હંસરાજ ઉર્ફે સૂરજે આશરે ડોઢ મહિના અગાઉ જ આદર્શ કોલોનીમાં મકાન ભાડે રાખ્યું હતું. આ મામલે પોલીસે જણાવ્યું છે કે સૂરજની લાશ રવિવારે વાદળી રંગના ડ્રમમાંથી મળી આવી હતી. મકાન માલિક રાજેશ શર્માએ ડ્રમમાંથી વાશ આવતાં તે અંગે પોલીસને સૂચના આપી હતી. યુવકને તીક્ષ્ણ હથિયારથી કાપી નાખવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, હંસરાજની પત્ની સુનીતા અને ત્રણ બાળકો ગુમ છે.

જોકે બીજી બાજુ રાજેશનો દીકરો જીતેન્દ્ર પણ ગુમ હોવાથી પ્રેમ પ્રકરણની આશંકા સેવવામાં આવી રહી છે. તેની પત્નીનું ૧૨ વર્ષ અગાઉ નિધન થયું હતું. હંસરાજ નશો કરતો હોવાનું પણ પોલીસને જાણવા મળ્યું છે. જીતેન્દ્રે જ હંસરાજને રૂમ ભાડે આપ્યો હતો અને બન્ને સાથે બેસીને જ દારૂ પીતા હતા.

પોલીસે આ સમગ્ર પ્રકરણની તપાસ શરૂ કરી છે. પરંતુ પ્રેમ પ્રકરણને કારણે જ હત્યા થઈ હોવાનું પોલીસ અનુમાન લગાવી રહી છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર ક્રૂડ તેલનો વાયદો રૂ.૮૬ લપસ્યો: સોનાના વાયદામાં રૂ.૩૨ અને ચાંદીના વાયદામાં રૂ.૮૬નો સુધારો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૨૫૮.૪૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૨૦૧૯.૧ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૫૯૭૩.૩૪ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૧૨૭૭.૫૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૨૫૮.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૨૦૧૯.૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૦૨.૨૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૫૯૭૩.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૯૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૦૮૬ અને નીચામાં રૂ.૯૯૭૪૮ના મથાળે અથડાઈ, રૂ.૯૯૮૩૮ના આગલા બંધ સામે રૂ.૩૨ વધી રૂ.૯૯૮૭૦ થયો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૫ વધી રૂ.૭૯૯૮૦ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫ ઘટી રૂ.૧૦૦૧૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮ વધી રૂ.૯૯૪૨૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૫૮૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૯૭૧૦ અને નીચામાં રૂ.૯૯૪૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૯૯૪૯૫ના આગલા બંધ સામે રૂ.૯૦ વધી રૂ.૯૯૫૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૩૯૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૪૨૬૯ અને નીચામાં રૂ.૧૧૩૬૮૩ના મથાળે અથડાઈ, રૂ.૧૧૩૯૪૩ના આગલા બંધ સામે રૂ.૮૬ વધી રૂ.૧૧૪૦૨૯ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૫૭ વધી રૂ.૧૧૩૭૫૭ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૮૩ વધી રૂ.૧૧૩૭૭૦ના સ્તરે પહોંચ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૧૩૧૨.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ નિકલનો સપ્ટેમ્બર વાયદો રૂ.૧૩૪૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૪૦ અને નીચામાં રૂ.૧૩૧૦.૧૦ના સ્તરને સ્પર્શી, અંતે રૂ.૨૭ ઘટી રૂ.૧૩૨૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. તાંબું ઓગસ્ટ વાયદો રૂ.૩.૭૫ ઘટી રૂ.૮૮૩.૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ઓગસ્ટ વાયદો રૂ.૪.૫૫ ઘટી રૂ.૨૬૬.૧ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો રૂ.૨.૯ ઘટી રૂ.૨૫૨ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ઓગસ્ટ વાયદો ૮૦ પૈસા ઘટી રૂ.૧૭૯.૪ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૭૪૮.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૨૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૨૦ અને નીચામાં રૂ.૪૨૭૬ના મથાળે અથડાઈ, રૂ.૧૩૪ ઘટી રૂ.૪૨૮૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૪૯૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૮૬ અને નીચામાં રૂ.૫૪૫૫ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૦૦ના આગલા બંધ સામે રૂ.૮૬ ઘટી રૂ.૫૫૧૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૮૭ ઘટી રૂ.૫૫૧૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૨૪૬.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧.૮ ઘટી રૂ.૨૪૬.૫ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૯૭ના ભાવે ખૂલી, રૂ.૨૧.૭ ઘટી રૂ.૯૭૭.૫ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૫૫૦ના ભાવે ખૂલી, રૂ.૪૫ વધી રૂ.૨૬૩૫ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩૭૮૮.૬૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૧૮૪.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નિકલના વાયદામાં રૂ.૦.૮૩ કરોડ, તાંબાના વાયદાઓમાં રૂ.૬૬૩.૭૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૬૮.૯૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૪.૫૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૫૩.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૩૯.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૮૪૬.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૮૬૨.૪૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૮.૭૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૯૬ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૪૧૮૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૦૨૫૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૨૫૧૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૧૨૩૨૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૭૭૩૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૮૯૭૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૩૭૫૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૬૦૭૮૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૨૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧૮૪૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૫૧૨૮૩ લોટના સ્તરે રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૩.૩ ઘટી રૂ.૧૮૯.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫૫ ઘટી રૂ.૬.૭૫ના ભાવે બોલાયો હતો. સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૩.૫ ઘટી રૂ.૯૩૯ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૦૩ ઘટી રૂ.૧૧૧૧ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૧ ઘટી રૂ.૨.૩૫ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૧૯ ઘટી રૂ.૦.૬૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦ વધી રૂ.૨૩૨.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૫ પૈસા વધી રૂ.૧૦.૩૫ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯.૫ ઘટી રૂ.૬૫૩.૫ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૧૭ ઘટી રૂ.૧૧૧૪.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૧ પૈસા વધી રૂ.૩.૨૨ થયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૧ વધી રૂ.૪.૫ થયો હતો.

# આમ આદમી પાર્ટી થી મોહભંગ : ગુજરાતના અનેક નેતાઓ અને ૫૦૦ થી વધુ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા

## ગુજરાતમાં આપ ફકત કોંગ્રેસના મતોને તોડવા અને ભાજપને જીતાડવા કામ કરતી હોવાનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




આમ આદમી પાર્ટીના (આપ) અનેક નેતાઓ અને ૫૦૦ થી વધુ કાર્યકરો ગઈ કાલે રવિવારે અમદાવાદમાં રાજીવગાંધી ભવન ખાતે સાથે આયોજીત એક કાર્યક્રમમાં કોંગ્રેસમાં જોડાયા હતા. ઓલ ઈન્ડીયા કોંગ્રેસ કમિટી (એઆઈસીસી) ના મહાસચિવ અને ગુજરાત સંગઠન પ્રભારી મુકુલ વાસનિક, જીપીસીસી, પ્રમુખ અમિત ચાવડા, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પાર્ટીના નેતા તુષાર ચૌધરી અને અન્ય નેતાઓએ તેમનુ સ્વાગત કર્યુ હતું.

આમ આદમી પાર્ટીના જે અગ્રણીઓ કોંગ્રેસમાં જોડાયા હતા તેમાં રાજય સચિવ સુર્યસિંહ ડાભી અને અમદાવાદ શહેર પ્રમુખ ઓમ પ્રકાશ તિવારી તેમજ આમ આદમી પાર્ટીના કલોલ વિધાનસભા ઉમેદવાર કાંતીજી ઠાકોર, રાજય સંયુકત સચિવ રામભાઈ યાદવ, રાજેશભાઈ ભટ્ટ, જિલ્લા સચિવ ગાંધીનગર નરેન્દ્રસિંહ ડાભી, જિલ્લા સચિવ નટવરસિંહ ડાભી, વોર્ડ પ્રમુખ પ્રવિણભાઈ સાસલા, અમદાવાદ શહેર સચિવ અશોકભાઈ યાદવ અને અમદાવાદ શહેર કાનુની અધ્યક્ષનો સમાવેશ થાય છે. કોંગ્રેસના વરીષ્ઠ નેતાઓએ નવા જોડાનારાઓને ખાત્રી આપી હતી કે તેમનુ સન્માન જળવાઈ રહેશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ (જીપીસીસી) દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયુ છે કે આમ આદમી પાર્ટી છોડનારાઓએ જણાવ્યુ હતુ કે પાર્ટી ફકત સત્તાધારી કોંગ્રેસના મતોને તોડવા અને ભાજપને જીત અપાવવા માટે કામ કરી રહી છે. દિલ્હીથી આવતા આમ આદમી પાર્ટીના નેતાઓ ફકત ભાજપને સમર્થન આપવા માટે આદેશો આપી રહ્યા હતા. કોંગ્રેસ એક માત્ર એવી પાર્ટી છે જે બધાને સાથે લઈ શકે છે અને ભાજપના સરમુખત્યારશાહી શાસનને પડકારવા સક્ષમ છે. અમે કોંગ્રેસની વિચારધારાને જનતા સુધી લઈ જવા માટે પ્રતિબધ્ધ રહીશું.

મુકુલ વાસનિકે કહ્યુ હતુ કે કોંગ્રેસની વિચારધારા બધાને સાથે લઈને ચાલવાની છે. ભાજપની જનવિરોધી નીતીને કારણે, સમાજના તમામ વર્ગો પરેશાન છે, દેશમાં આર્થિક અસમાનતા વધી રહી છે, ગરીબો વધુ ગરીબ બની રહ્યા છે, અમીરો વધુ ધનવાન બની રહ્યા છે, ભાજપ સરકારની નીતિ ગરીબ, સામાન્ય અને મધ્યમવર્ગના લોકો માટે હાનિકારક છે, મોંઘવારી અને બેરોજગારી સતત વધી રહી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચાવડાએ કહ્યુ હતુ કે ભાજપ સરકારની જનવિરોધી નીતિને કારણે દેશવાસીઓ ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. કોંગ્રેસ સકારાત્મક એજન્ડા સાથે આગળ વધી રહી છે. ઘણા મોટા નેતાઓ અને કાર્યકરો રાજકીય અને બિન રાજકીય નેતાઓ સતત કોંગ્રેસમાં જોડાઈ રહ્યા છે. અમે બધાનુ સ્વાગત કરીએ છીએ અને ખાત્રી આપીએ છીએ કે તમારૂ સન્માન જળવાઈ રહેશે.

લોકશાહી બચાવવા અને બંધારણનું રક્ષણ કરવા માટે આપણે બધાએ સાથે મળીને ભાજપના વિભાજનકારી રાજકારણ સામે લડવુ પડશે. તુષાર ચૌધરીએ કહ્યુ હતુ કે કોંગ્રેસમાં કોઈ સરમુખત્યારશાહી નથી, અને ફકત લોકશાહી છે, તેમણે ઉમેર્યુ કે વિવિધ પક્ષોના નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં આવવાથી કોંગ્રેસ વધુ મજબુત બનશે. ઉલ્લેખનીય છે કે જુલાઈમાં ગુજરાતની મુલાકાત દરમિયાન આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે જાહેરાત કરી હતી કે કોંગ્રેસ સાથેના આમ આદમી પાર્ટીના તમામ જોડાણનો અંત આવી ગયો છે. તેમણે કહ્યુ હતુ કે ૨૦૨૪ ની લોકસભા ચુંટણી માટે ઈન્ડીયા બ્લોકની રચના કરવામાં આવી હતી. તેમણે કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટી ૨૦૨૭ ની ગુજરાત વિધાનસભાની ચુંટણી એકલા હાથે લડશે.

# ગુજરાતના સર્કિટ હાઉસોનુ હવે ખાનગીકરણ થવા જઈ રહ્યુ છે? ગુજરાત સરકાર સર્કિટ હાઉસને ફાઈવસ્ટાર બનાવી રહી છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે સોમનાથ, અંબાજી અને દ્વારકાના સર્કિટ હાઉસને ફાઈવસ્ટાર હોટલમાં પરીવર્તીત કરવાની તૈયારી શરૂ કરી દીધી છે.આ યાત્રાધામ ઉપરાંત અમદાવાદ સહિતના ૭ મહાનગરોમાં પણ સર્કિટ હાઉસ ની સેવાઓ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) હેઠળ ખાનગીકરણ કરાશે જેના કારણે સર્કિટ હાઉસમાં નેતાઓ અને અધિકારીઓને જ નહી પણ સામાન્ય માણસોને પણ રોકાવવાની સુવિધા મળશે.

જો કે સામાન્ય પ્રજા પાસેથી પ્રિમિયમ ચાર્જ વસુલ કરાશે. સામાન્ય લોકો માટે ભાડુ નકકી કરવામાં આવ્યુ નથી. પરંતુ નોમીનલ ભાડુ હશે એવુ જાણવા મળ્યુ છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર, જામનગર, જુનાગઢ સર્કિટ હાઉસને પણ ફાઈવ સ્ટાર હોટલમાં કન્વર્ટ કરાશે. ૩ વરસ માટે આ સર્કિટ હાઉસ ખાનગી વ્યકિતને સોંપાશે. જયારે દ્વારકા, અંબાજી અને સોમનાથના સર્કિટ હાઉસને ૧૦ વરસ માટે ખાનગી વ્યકિતને સોંપાશે.




# હવે રજીસ્ટ્રી માટે સરકારી ઓફીસ નહી જવુ પડે: ઘરે બેઠા રજીસ્ટ્રીનુ કામ થઈ જશે

પ્રતિનિધિ,ગાંધીનગર




પ્રોપર્ટી ખરીદવા કે વેચવી હંમેશાથી લોકો માટે પરેશાની અને ઝંઝટવાળુ કામ રહ્યુ છે. રજીસ્ટ્રી કરાવવા માટે સબ રજીસ્ટ્રાર કચેરી (એસઆરઓ) ના ચકકર કાપવા પડે છે. જયાં લાંબી લાઈનો અને દસ્તાવેજી કામગીરીથી લોકો પરેશાન રહેતા હોય છે. પરંતુ હવે આ રાજયની સરકાર આ પરેશાનીથી લોકોને છુટકારો અપાવવા માટે પ્રયત્નશીલ છે. રાજય સરકાર ઝડપી દેશની પહેલી એવી ઓનલાઈન સિસ્ટમ શરૂ કરશે. જેના દ્વારા જમીન કે મકાનની રજીસ્ટ્રી ઘરે બેઠા થઈ શકશે. શરૂઆતમાં આ સુવિધા વૈકલ્પિક હશે પરંતુ આગળ જઈશે તેને ફરજીયાત કરવામાં આવશે. આ પગલુ લોકોનો સમય અને પૈસા બંને બચાવશે.

મીડીયા રીપોર્ટ મુજબ તામીલનાડુમાં દર વરસે લગભગ ૩૬ લાખ દસ્તાવેજ રજીસ્ટર્ડ થાય છે. જેમાં ૫.૫ લાખ મેમોરેન્ડમ ઓફ ડીપોઝીટ ઓફ ટાઈટલ ડીડ (એમઓડી) અને ૩.૫ લાખ રશીદ ડીડ સામેલ છે. જયારે ચેન્નાઈમાં દર મહિને સરેરાશ ૨૬ હજાર એપોઈમેન્ટ્સની રજીસ્ટ્રી થાય છે. હાલ રાજયમાં ૫૮૨ સબ રજીસ્ટ્રાર ઓફીસ છે. જેમાંથી મોટાભાગની જગ્યા અને પાર્કિંગની કમી સામે ઝઝુમી રહ્યા છે. રોજ ભીડ ઉમટી પડે છે જેમાં ખરીદદારો અને બિલ્ડર્સ બંનેને પરેશાની થાય છે. આ કારણે સરકારે ઓનલાઈન રજીસ્ટ્રી સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. જેથી કરીને સમય, મહેનત અને પૈસ ત્રણેયની બચત થઈ શકે છે.

નવા મોડલમાં ખરીદદાર વેચાણ કરનાર અને બિલ્ડર્સે પોતાના દસ્તાવેજ ઓનલાઈન અપલોડ કરવા પડશે, સાંબાંધીત સબ રજીસ્ટ્રાર ઓફીસ આ ડોકયુમેન્ટની તપાસ કરીને મંજુરી આપશે. આ માટે રજીસ્ટ્રેશન વિભાગ મોટા બિલ્ડર્સ અને ડેવલપર એસોસીએશનને ખાસ સોફટવેર ઉપલબ્ધ કરાવશે. અધિકારીઓના જણાવ્યા મુજબ આ સુવિધાની શરૂઆત વર્ષના અંત સુધીમાં ગુજરાતમાં શરૂ કરી દેવામાં આવશે. આ પ્રક્રિયામાં આધાર આધારીત ઓથેન્ટિકેશન પણ જોડવામાં આવશે. એટલે કે ફીંગર પ્રિન્ટ અને આઈરીસ વેરીફીકેશન દ્વારા ઓળખની પુષ્ઠી થશે. આ માટે બિલ્ડર્સને બાયોમેટ્રીક અને આઈરીસ સ્કેનર ખરીદવાના રહેશે. નોંધનીય છે કે બે વર્ષ પહેલા જ સરકારે એમઓડીએસ , રશીદ ડીડસ અને પાંચ વરસ સુધીના રેસિડેન્સિયલ લીઝ ડીડસ માટે પ્રેઝન્સલેસ રજીસ્ટ્રેશનની શરૂઆત કરી હતી જો કે અત્યાર સુધીમાં ફકત ૩૦ હજાર દસ્તાવેજ જ આ સિસ્ટમથી રજીસ્ટ્ર્ડ થયા છે. જો કે આ પગલુ રીયલ એસ્ટેટ સેકટર માટે મોટી રાહત લઈને આવશે. પરંતુ સુરક્ષા અને ફ્રોડ રોકવા અંગે સવાલો પણ ઉઠી રહ્યા છે. એકસપર્ટ નુ કહેવુ છે કે ડીજીટલાઈઝેશનથી કામ સરળ જરૂર બનશે પરંતુ તેની સફળતા એ વાત પણ નિર્ભર રહેશે કે સરકાર કેટલી મજબુત સુરક્ષા ઉપાય કરે છે, હાલ બેંક અને સરકાર આ અંગે ચર્ચા પણ કરી રહ્યા છે કે ભવિષ્યમાં એમઓડીએસ અને રશીદ ડીડસને સંપૂર્ણરીતે ઓનલાઈન અને પ્રિઝન્સલેન્સ બનાવી દેવામાં આવે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫માં મહત્વપૂર્ણ નિર્ણય

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના શહેરોને જોડતા, શહેરોમાંથી પસાર થતાં રસ્તાઓને વિકાસ પથ અન્વયે અદ્યતન સુવિધાયુક્ત બનાવવા માટે ૮૨૨ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય કર્યો છે.

શહેરોના સર્વગ્રાહી વિકાસ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી રાજ્ય સરકાર દ્વારા ઉજવાઈ રહેલા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અંતર્ગત વિકાસ પથ યોજનામાં આવા ૨૩૩ કિલોમીટર લંબાઈના ૯૧ માર્ગોને જરૂરિયાત અનુસાર કામગીરી કરીને અદ્યતન બનાવવામાં આવશે.

રાજયમાં શહેરોને જોડતા - શહેરોમાંથી પસાર થતા હોય અને માર્ગ મકાન વિભાગ હસ્તકના હોય તેવા માર્ગોનો આ વિકાસ પથમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તદઅનુસાર, શહેરી વિકાસ વર્ષ અંતર્ગત વિકાસપથ યોજના હેઠળ શહેરી વિસ્તારમાંથી પસાર થતા આવા માર્ગોની જરૂરિયાત અનુસાર રસ્તાને પહોળા કરવા, ઈલેક્ટ્રિક પોલ, અદ્યતન રોડ ફર્નિચર, ફૂટપાથ, સ્ટ્રોમવોટર ડ્રેઈન, સ્ટ્રીટ લાઈટ, સી.સી. રોડ, રેલીંગ, જંકશન ડેવલોપમેન્ટ, બસ-બે, મીડિયન બ્યુટીફીકેશન તથા રોડ સેફટી સાથે મજબૂતીકરણ કરીને કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરેલી આ ૮૨૨ કોરોડની માતબર રકમમાંથી વિકાસપથ અન્વયે શહેરના રસ્તાઓ સુદ્રઢ, સુંદર, મજબૂત અને સુવિધાયુકત થવાથી અનેક પ્રકારના ફાયદાઓ થશે અને શહેરી જીવનની ગુણવત્તા સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. એટલું જ નહિ, વાહન વ્યવહારમાં સુરક્ષા વધશે, ટ્રાફિક જામની સમસ્યા ઘટશે અને મુસાફરીનો સમય ઘટતાં ઇંધણની પણ બચત થશે. અવાજ અને હવાનું પ્રદૂષણ ઘટતા પર્યાવરણ પર સકારાત્મક અસર થશે, સ્વચ્છ અને વ્યવસ્થિત રસ્તાઓથી જાહેર પરિવહનની સેવાઓ પણ વધુ અસરકારક બનશે.

### ઈ-બાઈક પરથી પડી જતાં ઈશાન ઈજાગ્રસ્ત થયો

# એશિયા કપ અગાઉ ભારતનો સ્ટાર ખેલાડી બાઈક અકસ્માતમાં ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય વિકેટકીપર બેટર ઈશાન કિશાન દુલીપ ટ્રોફી ૨૦૨૫-૨૬ના પહેલા મુકાબલામાં જ ટીમમાંથી બહાર થઈ ગયો છે. ઈશાન કિશન થોડા સમય પહેલાં નોટિંઘમશાયર તરફથી કાઉન્ટી ક્રિકેટ રમવા યુકેમાં હતો. પરંતુ તે દરમિયાન ઈ-બાઈક પરથી પડી જતાં ઈશાન ઈજાગ્રસ્ત થયો હતો. જેના લીધે તેને ટાંકા પણ આવ્યા છે. ઈશાન કિશન સાજો ન થતાં તેના સ્થાને ઓડિશાના આશીર્વાદ સ્વેનને ઈસ્ટ ઝોનની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

ઈશાનની ગેરહાજરીમાં અભિમન્યુ ઈશ્વરનને કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ઈશાનની આ ઈજાના કારણે ઈંગ્લેન્ડની સામે ઓવલ ટેસ્ટ મેચમાં પણ ઋષભ પંતના રિપ્લેસમેન્ટ તરીકે ભારતીય ટીમમાં પસંદગી થઈ શકી ન હતી. સિલેક્ટર્સે તમિલનાડુના વિકેટકીપર નારાયણ જગદીશનને સ્ક્વોડમાં સામેલ કર્યો હતો. ઈશાન કિશનની ઈજા ગંભીર ન હોવા છતાં તેને ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો છે. આશા છે કે, આગામી મહિને ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ રમાનારી બે ફર્સ્ટ ક્લાસ મુકાબલા માટે તે ફિટ હશે. હાલ ઈશાન કિશને બેંગ્લુરૂ સ્થિત બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સમાં રિકવરી અને ફિટનેસ ટેસ્ટમાંથી પસાર થવુ પડશે.

ઈશાન કિશનની ગેરહાજરીમાં ઝારખંડના વિકેટકીપર કુમાર કુશાગ્ર પહેલી મેચમાં ઈસ્ટ ઝોનની પ્લેઈંગ-૧૧નો હિસ્સો બની શકે છે. દુલીપ ટ્રોફીમાં ઈસ્ટ ઝોનની ટીમનો પહેલો મુકાબલો ૨૮ ઓગસ્ટના રોજ નોર્થ ઝોન સામે થશે. ટૂર્નામેન્ટમાં છ ટીમ ભાગ લઈ રહી છે. જેનું આયોજન બેંગ્લુરૂમાં થશે.

ફાસ્ટ બોલર આકાશ દીપ પણ પહેલાં મુકાબલામાં ઈસ્ટ ઝોનની ટીમનો ભાગ નહીં બને. તેને આરામ આપવામાં આવ્યો છે. આકાશ દીપની ઈજા અંગે હાલ કોઈ સ્પષ્ટ જાણકારી આપવામાં આવી નથી. આકાશની ફિટનેસ ટેસ્ટ બાદમાં થશે.

# તરણેતરના મેળામાં તા. ૨૬ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન ‘૨૦મો ગ્રામિણ ઓલિમ્પિક’ યોજાશે

યુવાનોને રમત ગમત પ્રત્યે વધુ પ્રોત્સાહિત કરવા દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા તરણેતરના મેળામાં ગ્રામિણ ઓલમ્પિકનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૨૬ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન યોજાનાર ૨૦માં ગ્રામિણ ઓલમ્પિકમાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ૧૦૦ મી.દોડ, ૪૦૦ મી.દોડ, ૮૦૦ મી.દોડ, ગોળાફેંક, લાંબી કુદ, ૪ ટ ૧૦૦ મી.રીલે દોડ, નારીયેળ ફેંક, સ્ટ્રોન્ગેસ્ટમેન, સાતોડી (નારગોલ), ખાંડના લાડવા ખાવાની હરીફાઇ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં તા.૨૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૧૬ વર્ષ સુધીના ભાઈઓ – બહેનો માટે ૧૦૦ મી.દોડ, ૨૦૦ મી.દોડ, ૮૦૦ મી.દોડ, લાંબીકુદ અને ૧૨ વર્ષના બાળકો માટે લંગડી રમતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તા.૨૮ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ રોપ સ્કીપીંગ-દોરડાકુદ રમતનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા ૧૨ અને ૧૬ વર્ષથી નાની વયના શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ પોતાની શાળાના આચાર્યના સહી-સિક્કા કરાવીને એન્ટ્રી ફોર્મ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીને મોકલી આપવાનું રહેશે. આ ઉપરાંત ઓપન વિભાગ રમતોમાં ભાગ લેવા ભાઈઓ-બહેનો માટે તા.૨૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૧૦૦ મી.દોડ, ૪૦૦ મી.દોડ, ૮૦૦ મી.દોડ, ગોળાફેંક, લાંબી કુદ, ૪ x ૧૦૦ મી.રીલે દોડનું આયોજન કરવામાં આવ્યું છે.વધુમાં તા.૨૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ભાઈઓ માટે નારીયેળ ફેંક, સ્ટ્રોન્ગેસ્ટમેન, સાતોડી (નારગોલ), ખાંડના લાડવા ખાવાની હરીફાઇ, કુસ્તી રમતમાં ૪૫ થી ૫૫ કિ.ગ્રા, ૫૫ થી ૬૮ કિ.ગ્રા અને ૬૮ કિ.ગ્રાથી ઉપરનું વજન ધરાવતા ખેલાડીઓ માટે, વોલીબોલ અને કબડ્ડીમાં ૧૦ ખેલાડીઓની ટીમ માટે રમતનું આયોજન કરવામાં આવ્યું છે.

જ્યારે બહેનો માટે તા.૨૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૧૦ ખેલાડીઓની ટીમ માટે વોલીબોલ, કબડ્ડી તેમજ ૫૦ મી.અંતરની માટલા દોડ હરીફાઇનું આયોજન અને તા. ૨૮ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૧૦ ખેલાડીઓની ટીમ માટે રસ્સાખેંચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને તેના તાબા હેઠળની જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર લીંબડી –સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે ૨૦માં ગ્રામિણ ઓલિમ્પિકનું ભવ્ય આયોજન કરવામાં આવશે. ચાલુ વર્ષે આ ગ્રામિણ ઓલિમ્પિક ૨૦૨૫-૨૬ તરણેતર લોકમેળામાં તા.૨૬ થી ૨૮ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન યોજાશે. જેમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓએ એન્ટ્રીફોર્મ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીની કચેરી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણનગર સામે, મીલ રોડ, લીંબડી-સુરેન્દ્રનગર ખાતેથી તા.૨૦ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં મોકલી આપવાનું રહેશે તેમ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની યાદીમાં જણાવવામાં આવ્યું છે. - પ્રિન્સ ચાવલા


## પશ્ચિમ રેલ્વે - રાજકોટ વિભાગ

ઇ-ટેન્ડર સૂચના નંબર 02/2025-26/GSU/RJT

તારીખ: 13-08-2025

**LCs ના વિસ્તારમાં પુલ પર રસ્તો પૂરો પાડવો**

**કાર્યનું નામ:** રાજકોટ વિભાગ:- ખંડેરી - પડાધરી સેક્શન (2-લેન) વચ્ચે કિમી 755/0-1 પર નંબર 135 અને પડધરી - ચણોલ સેક્શન (2-લેન) વચ્ચે કિમી 770/770/1-2 પર LC નંબર 147ના બદલે ROB પૂરું પાડવું.

અંદાજિત NIT ખર્ચ: ₹ 64,51,31,089.12/-

ટેન્ડર બંધ કરવાની તારીખ અને સમય: તા. 12-09-2025 બપોરે 15:00 કલાકે.

ઓફિસનું સરનામું: ચીફ પ્રોજેક્ટ મેનેજર, ગતિ શક્તિ યુનિટ, રાજકોટ, જંકશન રોડ, કોઠી કમ્પાઉન્ડની સામે, રાજકોટ-360001.

વેબસાઇટ: www.ireps.gov.in

RJT-099

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# પોલીસ મહાનિરીક્ષકનું મીડીયા સાથે ઉધ્ધતાઈભર્યુ વર્તન: હું મંત્રીની ભલામણોને ધ્યાને લેતી નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ મંત્રીઓને ધારાસભ્યોની રજુઆતોને ઝડપી નિકાલ કરવાનો વારંવાર તંત્રને રટણ કરી રહ્યા છે તેમ છતાં તંત્ર કોઈપણ ભોગે મંત્રીઓને ધારાસભ્યોના કામો કરવા તૈયાર ન થતા ધારાસભ્યો અને મંત્રીઓમાં નારાજગી વર્તાઈ જવા પામી છે.




ગૃહ વિભાગના પોલીસ ભવનમાં બદલી-બઢતી અને વહિવટી પ્રક્રિયા સંભાળતા પોલીસ મહાનિરીક્ષક હવે જાહેરમાં મીડીયા સામે કહી રહ્યા છે કે હું મંત્રીઓની ભલામણોને ધ્યાને લેતી નથી, મીડીયા સામે દાદાગીરી કરી મંત્રીની ભલામણ ધ્યાને ન લેતા હોવાનુ કહેતા હવે સવાલ એ ઉઠી રહ્યો છે કે જો અધિકારીઓ મંત્રીઓની ભલામણો જ ધ્યાને ન લેતા હોય તો ધારાસભ્યોની રજુઆતો કેટલે અંશે સફળ થતી હશે તે એક મોટો સવાલ ઉઠવા પામ્યો છે. હાલમાં સમગ્ર રાજયમાં ભાજપના ધારાસભ્યો અને પદાધિકારીઓના કામો અધિકારીઓ કરતા ન હોવાનુ ધારાસભ્યો વારંવાર સરકારમાં રજુઆતો કરી રહ્યા છે. મુખ્યમંત્રી કાર્યાલય થી વારંવાર હુકમો થાય છે પરંતુ અધિકારીઓ કોઈપણ ભોગે મંત્રીઓ કે ધારાસભ્યોના કામો કરવા તૈયાર નથી તેનુ કારણ શું ? નજીકના સમયમાં ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ ૨૦૨૭ માં આવી રહી છે. હાલમાં ધારાસભ્યો મત વિસ્તારના કામો ન થવાને લઈ વિસ્તારમાં મોઢુ બતાવી શકતા નથી. તેમ છતાં સરકારની ઉંઘ ઉડતી નથી, આ વિભાગ ગૃહ મંત્રી હર્ષ સંઘવીનો હોવા છતાં સંઘવી પણ મુંગે મોઢે સહન કરી રહ્યા હોય તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે. તો બીજી તરફ મંત્રીના કાર્યાલયે પણ ૧૦ હજાર થી વધુ ભલામણો ધુળ ખાઈ રહી છે તેમ છતાં મંત્રી ધારાસભ્યો કે પદાધિકારીઓની ભલામણોને ધ્યાને ન લેતા ધારાસભ્યોમાં પણ નારાજગી વર્તાઈ જવા પામી છે.

## ગુજરાતમાં ડીગ્રી - ડીપ્લોમાંની ઈજનેરી કોલેજમાં ૧૫ સપ્ટેમ્બર સુધી પ્રવેશ મળશે

# ઈજનેરી કોલેજોમાં પ્રથમ શૈક્ષણિક સત્રનો પ્રારંભ ૧૫ સપ્ટેમ્બરથી કરાશે: વિદ્યાર્થીઓ ૧૧ સપ્ટેમ્બર સુધીમાં પ્રવેશ રદ કરાવી શકશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં ધો. ૧૦ અને ૧૨ ના પરીણામ બાદ ડીપ્લોમાં ઈજનેરી તેમજ ડીગ્રી ઈજનેરીમાં પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં પ્રવેશ માટેની પ્રક્રિયા પુર્ણ કરવાની અંતિમ તારીખ ૧૪ ઓગસ્ટ હતી પરંતુ એઆઈસીસી દ્વારા હવે પ્રવેશ માટેની મુદત વધારીને ૧૫ સપ્ટેમ્બર કરવામાં આવી છે. તેમજ ઈજનેરી કોલેજોમાં પ્રથમ શૈક્ષણિક સત્રનો પ્રારંભ ૧૫ સપ્ટેમ્બર થી કરાશે. વિદ્યાર્થીઓ ૧૧ સપ્ટેમ્બર સુધીમાં પ્રવેશ રદ કરાવી શકશે.




એઆઈસીટીઈએ દેશની ડીગ્રી -ડીપ્લોમાં ઈજનેરી કોલેજોના વિવિધ કોર્સમાં પ્રવેશ માટેના કાર્યક્રમની જાહેરાત કરાઈ છે તે પ્રમાણે ઈજનેરી સહિતના કોર્સમાં પ્રવેશ માટેની પ્રક્રિયા પુર્ણ કરવાની અંતિમ તારીખ ૧૪ ઓગસ્ટ હતી આ મુદત વધારીને ૧૫ સપ્ટેમ્બર કરી છે. આ સાથે પ્રથમ શૈક્ષણિક સત્રનો પ્રારંભ ૧૫ મી સપ્ટેમ્બર થી કરાશે. વિદ્યાર્થીઓ ૧૧ સપ્ટેમ્બર સુધીમાં પ્રવેશ રદ કરાવી શકશે. જયારે પીજીડીએમ કોર્સ માં પ્રવેશ રદ કરવાની અંતિમ તારીખ ૨૧ મી ઓગસ્ટ નકકી કરવામાં આવી છે. તે પછીથી કોલેજો ખાલી બેઠક પર નવા પ્રવેશ આપી શકશે. જયારે કોલેજો ૩૧ મી ઓગસ્ટ સુધી નવો પ્રવેશ આપી શકશે.

એઆઈસીટીઈના આ નિર્ણયને પગલે ગુજરાત સહિત દેશભરમાં આવેલી સેલ્ફ ફાઈનાન્સ ડીપ્લોમાં અને ડીગ્રી ઈજનેરી કોલેજોમાં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓને હજુ પણ પ્રવેશ માટેની તક રહેશે. ડીગ્રી-ડીપ્લોમાં પ્રવેશ રદ કરવાની અંતિમ તારીખ ૧૧ મી સપ્ટેમ્બર નિયત કરવામાં આવી છે અને ખાલી બેઠકો પર પ્રવેશ આપવાની અંતિમ તારીખ ૧૫ મી સપ્ટેમ્બર રહેશે, ડીગ્રી-ડીપ્લોમાં ઈજનેરી કોલેજોનો પ્રથમ સત્રનો પ્રારંભ ૧૫ મી સપ્ટેમ્બર થી થશે.

# ગુજરાતનો અરવલ્લી જિલ્લો બન્યો પહેલો એઆઈ આધારીત : અરવલ્લી જિલ્લામાં એઆઈના આધારે હવે લાયસન્સ મેળવવાની થશે સંપૂર્ણ પ્રક્રિયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવાની પ્રક્રિયામાં મોટો બદલાવ આવ્યો છે. અરવલ્લી જિલ્લો ગુજરાતનો પહેલો જિલ્લો બન્યો છે. જયાં લાયસન્સ મેળવવાની સંપૂર્ણ પ્રક્રિયા હવે આર્ટિફીશીયલ ઈન્ટેલીજન્સ ના આધારે હાથ ધરાઈ રહી છે. અરવલ્લી આરટીઓ કચેરી ખાતે આજે તા. ૧૮ ઓગસ્ટની શરૂ કરાયેલા આ પાયલોટ પ્રોજેકટે સમગ્ર વ્યવસ્થા સ્માર્ટ અને પારદર્શક બનાવી છે. આ પ્રોજેકટ અંતર્ગત અરવલ્લી આરટીઓ કચેરીમાં કુલ ૨૫ એઆઈ આધારીત કેમેરા સ્થાપિત કરાયા છે. ઉમેદવાર સૌ પ્રથમ રજીસ્ટ્રેશન કરાવે છે. ત્યારબાદ તેને એક ખાસ આરએફઆઈડી ટેગ આપવામાં આવે છે. આ ટેગ ટચ કર્યા પછી ઉમેદવાર સીધો ટ્રેનીંગ સેશન તરફ આગળ વધે છે. તેને ૧૦ મીનીટનુ વિડીયો ટ્રેનીંગ આપવામાં આવે છે. જેમાં ટ્રાફીકના નિયમો, સેફટી માપદંડો અને ડ્રાઈવીંગ દરમિયાન ધ્યાન રાખવાની બાબતો શીખવવામાં આવે છે. ટ્રેનીંગ પુરી થયા બાદ ઉમેદવાર ફરી આર એફ આઈડી ટેગ ટચ કરે છે અને પછી તે ટેસ્ટ ઝોન માં પ્રવેશ કરે છે. ઉમેદવારે ટુ વ્હીલર માટે ૬૦ સેકન્ડ અને ફોર વ્હીલર માટે સૌથી પહેલા પાર્કિંગ ટ્રેકમાં ૧૩૦ સેકન્ડમાં ગાડી પાર્ક કરી બહાર કાઢવાની રહેશે. ત્યારબાદ ચઢાણ ઢાળ ઉપર જવાનુ રહેશે. જેમાં ૧૨૦ સેકન્ડ ત્યારબાદ એઈટ ટ્રેક જેમાં ૯૦ સેકન્ડ ત્યારબાદ રીવર્સ ટ્રેક જેનો ૧૫૦ સેકન્ડનો સમયગાળો રહેશે. આ સમગ્ર પ્રક્રિયા એકદમ ટેકનોલોજી આધારીત છે. જેમાં માનવીય દખલગીરી ઓછી થઈ ગઈ છે. ટેસ્ટ દરમિયાન ઉમેદવારના દરેક મુવમેન્ટ પર એઆઈ સિસ્ટમની નજર રહે છે. સ્ટીયરીંગ પર કાબુ, ટ્રાફીક સાઈનનુ પાલન, ગતિ નિયંત્રણ અને સેફટી નિયમોનુ પાલન-દરેક વિગતોને કેમેરા દ્વારા કેપ્ચર કરવામાં આવે છે. સમગ્ર મોનીટરીંગ સીધુ જ આરટીઓ કચેરીના સર્વેલન્સ રૂમમાંથી અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. જો ઉમેદવાર કોઈ ભુલ કરે છે તો એઆઈ સિસ્ટમ તરત જ તેને રેકોર્ડ કરે છે. ટેસ્ટ પુર્ણ થયા બાદ ઉમેદવારને ત્યાં જ પાસ કે ફેલ નુ પરીણામ સીધુ સ્ક્રીન પર મળી જાય છે. જેના કારણે અરજદારોને રાહ જોવી પડતી નથી. અરવલ્લી જિલ્લાની આ સ્માર્ટ શરૂઆત ભવિષ્યમાં સમગ્ર ગુજરાત માટે એક મોડલ સાબિત થઈ શકે છે. હવે લાયસન્સ મેળવવાની પ્રક્રિયા માત્ર સરળ જ નહી, પરંતુ વધુ પારદર્શક અને વિશ્વસનીય બની રહી છે. ટેકનોલોજીની મદદથી અરવલ્લી જિલ્લામાં શરૂ થયેલો આ પાયલોટ પ્રોજેકટ ભવિષ્યમાં ડ્રાઈવીંગ લાયસન્સ સિસ્ટમમાં મોટો ફેરફાર લાવશે એવી આશા વ્યકત કરાઈ રહી છે. આ પ્રોજેકટ અંગે ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ પણ ટવીટ કરી આ કામગીરી અંગે જાણકારી આપી હતી.



# ગાંધીનગરમાં આજથી ૨૪ કલાક પાણી પુરવઠાની યોજનાનો પ્રારંભ: સેકટર ૧૪ થી ૨૯ માં સુવિધા ઉપલબ્ધ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરમાં નગરજનોને ૨૪ કલાક પાણી પુરૂ પાડવાના ઉમદા હેતુ સાથે હાથ ધરાયેલો પ્રોજેકટ હવે પુર્ણતાના આરે છે. આ યોજના હેઠળ સેકટર ૧૪ થી ૨૯ માં રહેતા નાગરીકોને આજથી એટલે કે મંગળવાર તા. ૧૯ ઓગસ્ટ ૨૦૨૫ થી ૨૪ કલાક પાણી મળવાનુ શરૂ થશે. આ પહેલનો હેતુ પાણીની સમસ્યાઓનુ નિરાકરણ લાવવાનો અને રહેવાસીઓને નિયમિત અને પુરતા ફોર્સ સાથે પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવાનો છે. જાહેર આરોગ્ય અને બાંધકામ વિભાગની અખબારી યાદી મુજબ આ પ્રોજેકટ ગાંધીનગરના નાગરીકો માટે પાણીની સુવિધામાં ક્રાંતિકારી પરીવર્તન લાવશે. જો કે શરૂઆતના તબકકામાં પાણીના વધુ




ફોર્સને કારણે અમુક જગ્યાએ લીકેજની સમસ્યાઓ ઉભી થવાની સંભાવના છે. આ સમસ્યાઓનુ ત્વરીત નિવારણ લાવવા માટે વિભાગે દરેક સેકટર માટે અલગ અલગ હેલ્પ લાઈન નંબર જાહેર કર્યા છે. નાગરીકો અને જનપ્રતિનિધિઓને વિનંતી કરવામાં આવી છે કે તેઓ આ પ્રકારની કોઈપણ સમસ્યા જણાય તો તાત્કાલીક સંબંધીત નંબર પર જાણ કરે જેથી તેનુ ઝડપી સમાધાન લાવી શકાય. સેકટર ૧૪, ૧૫,૧૬,૧૭ અને ૧૮ માટે મોબાઈલ નંબર ૯૩૧૩૦ ૩૨૮૨૦, સેકટર ૨૧ માટે ૯૩૧૩૦ ૯૪૧૪૩ અને અન્ય સેકટરો માટે પણ અલગ અલગ નંબર આપવામાં આવ્યા છે.

આ કામગીરી સરળતાથી ચાલે તે સુનિશ્ચિત કરવા માટે દરેક સેકટરમાં એક ટેકનીકલ કર્મચારી અથવા સુપરવાઈઝર અને લીકેજ રીપેર કરવા માટેની ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ટીમો તાત્કાલીક કાર્યવાહી કરવા માટે તૈયાર રહેશે. જાહેર આરોગ્ય અને બાંધકામ વિભાગે નાગરીકોને આ મહત્વની યોજનાને સફળ બનાવવા માટે સહકાર આપવા અપીલ કરી છે. જેથી આ સુવિધાનો લાભ સૌ કોઈને સરળતાથી મળી રહે, આ નવો પ્રયોગ શહેરના જળ વ્યવસ્થાપનમાં એક નવો અધ્યાય શરૂ કરશે અને ગાંધીનગરને સ્માર્ટ સીટીના ધોરણો મુજબ વધુ સુવિધા જનક બનાવશે.

# સુરતના ભીમપોર વિસ્તારમાં ૮ કરોડના ખર્ચે બનશે કોમ્યુનીટી હોલ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાં વધતી જતી વસ્તી અને વિસ્તાર સાથે પ્રાથમિક સુવિધાનો પણ વધારો થઈ રહ્યો છે. આગામી દિવસોમાં પાલિકાના અઠવા ઝોનમાં કોમ્યુનીટી હોલ અને વરાછા- ઉધના ઝોનમાં સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ- અર્બન હેલ્થ સેન્ટર બનાવવા માટે આયોજન થઈ રહ્યું છે અને તેના માટે જાહેર બાંધકામ સમિતિ સમક્ષ દરખાસ્ત રજુ કરવામા આવી છે. સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તરણ બાદ નવા વિસ્તારમાં પ્રાથમિક સુવિધા માટે લાંબા સમયથી આયોજન થઈ રહ્યું છે. તેમાં પણ સુરત પાલિકાના અઠવા ઝોનમાં ડુમસ-ભીમપોર વિસ્તારમાં કોમ્યુનીટી હોલ માટે આયોજન કરવામાં આવ્યું છે. પાલિકાના અઠવા ઝોનમાં ડ્રા.ટી.પી.સ્કીમ નંબર ૭૯ સુલતાનાબાદ-ભીમપોરમાં ફાઈનલ પ્લોટ નં ૧૫૨માં ૮ કરોડના ખર્ચે કોમ્યુનીટી હોલ અને પાર્ટી પ્લોટ બનાવવા માટે દરખાસ્ત રજુ કરવામા આવી છે.

# ગુજરાત સરકારના માનીતા અભય ચુડાસમાને સરકાર સાથે અણબનાવ? રૂ.૮ લાખનુ બીલ ભરવા ચુડાસમાને થયો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ફરી એકવાર આઈપીએસ અધિકારીઓનો વિવાદ બહાર આવ્યો છે. આ વખતે વિવાદનુ કેન્દ્ર બન્યુ છે કરાઈ પોલીસ એકેડમી, જયાં એમટી (મોટર ટ્રાન્સપોર્ટર )વિભાગના સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ (એસપી ) મનિષ સિંહે એકેડમીના પ્રિન્સીપાલ અભય ચુડાસમાને એક પત્ર લખ્યો છે. એમ ટી વિભાગના એસપી મનિષ સિંહે આચાર્ય પાસેથી સરકારી કામકાજ સિવાય ગાડી ઉપયોગ અંગેના નાણાં માંગવામાં આવ્યા હોવાની વાત બહાર આવી છે.



મળતી માહિતી અનુસાર એસપી મનિષ સિંહ દ્વારા કરાઈ એકેડમીના પ્રિન્સીપાલ અભય ચુડાસમાને એક લેખિત પત્ર પાઠવવામાં આવ્યો છે. આ પત્રમાં મનિષ સિંહે અભય ચુડાસમા પર સરકારી કામકાજ સિવાય વ્યકિતગત ઉપયોગ માટે સરકારી વાહનનો ઉપયોગ કરતા ઉપરના નાણાં માગવામાં આવ્યા છે. પત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે સરકારી નિયમો અનુસાર જો કોઈ સરકારી અધિકારી વાહનનો અંગત ઉપયોગ કરે તો તે માટે તેમણે નિશ્ચિત ચાર્જ ચુકવવો પડશે. મનિષ સિંહે આ પત્ર દ્વારા અભય ચુડાસમાને અગાઉના સમયગાળા દરમિયાન સરકારી વાહનનો અંગત ઉપયોગ કરવા બદલ જે ખર્ચ થયો છે. તે નાણાં તાત્કાલીક જમા કરાવવા જણાવાયુ છે. આ પત્રથી આઈપીએસ અધિકારીઓમાં ભારે ચકચાર મચી જવા પામી છે અને આ મામલો ટોચના અધિકારીઓ સુધી પહોચ્યો છે. આ ઘટના પરથી ફરી એકવાર એ સવાલ ઉભો થયો છે કે શું સરકારી અધિકારીઓ સરકારી સંપત્તિનો અંગત ઉપયોગ કરવા માટે સ્વતંત્ર છે ? અને જો કરે તો તેના પર દેખરેખ કોણ રાખે છે ? આ વિવાદ દર્શાવે છે કે ઉચ્ચ અધિકારીઓ વચ્ચેનો સંકલનનો અભાવ ઘણીવાર જાહેર મંચ પર આવી જાય છે. જે પોલીસ તંત્રની છબીને નુકશાન પહોચાડી શકે છે.


નિયમ મુજબ જે પદ પર સરકારી રહેઠાણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યુ હોય, તે પદ પરના અધિકારીને કાર્યકાળ દરમિયાન તે સરકારી રહેઠાણ ધરાવતા હોવાનુ માનવામાં આવશે અને આચાર્ય અભય ચુડાસમાનુ જીપીએ કરાઈ નુ સરકારી રહેઠાણ જીપીએ કરાઈ ખાતે ઉપલબ્ધ છે અને જો આચાર્ય અભય ચુડાસમા સરકારી રહેઠાણમાં ના રહેતા હોઈ અને ખાનગી રહેઠાણથી હેડ કવાર્ટર (કરાઈ) સુધી આવવા જવા માટે સરકારી વાહનનો ઉપયોગ કરતા હોય તો નિયમ મુજબ તે ખાનગી રહેઠાણથી હેડ કવાર્ટર સુધી સરકારી વાહનનો ઉપયોગ કરી શકે નહી, આચાર્ય અભય ચુડાસમા જીપીએ કરાઈને ફાળવેલ સરકારી વાહનના માસિક પેટ્રોલ રીટર્ન પત્રકને ચકાસણી કરતા દર માસે સરેરાશ ૩ હજાર કિ.મી. રનીંગ બતાવે છે, હેડ કવાર્ટર અને sphere of work ની વ્યાખ્યા મુજબ આચાર્ય અભય ચુડાસમાનુ હેડ કવાર્ટર જીપીએ કરાઈ લાગે છે,

જેથી તેઓના સરકારી વાહનની લોગબુક ચેક કરીને જે સરકારી કામકાજ (દા.ત. મીટીંગ, કોર્ટ મુદત, બંદોબસ્ત વિગેરે) સિવાયના ખાનગી રહેઠાણથી હેડ કવાર્ટર સુધીના ઉપયોગ કર્યો છે અને અન્ય ખાનગી કામે ઉપયોગ કરેલ સરકારી વાહન નં. જીજે ૧૮ જીબી ૭૪૫૯ ના કિ.મી.નો સરકારી દર મુજબ (દા.ત. તેઓની નિમણુંક તા.૧/૮/૨૦૨૩ થી તા. ૩૧/૭/૨૦૨૫ સુધી ૨૪ માસ ટ ૧૧ રૂ. ટ ૩ હજાર કિ.મી. = ૭,૯૨,૦૦૦ /- આશરે ગણી શકાય) લોગબુક થી સરકારી કામ સિવાયના ખાનગી રહેઠાણથી હેડ કવાર્ટર કરાઈ સુધીના સ્પષ્ટ કિ.મી. ની ગણતરી કરી, સરકારી ધારા ધોરણ મુજબ તેઓ પાસેથી વસુલ લઈ, ચલણ થી સરકારમાં બે દિવસમાં જમા કરાવી અત્રેની કચેરીને જાણ કરવા જણાવવામાં આવ્યુ છે.

# ગાંધીનગર સચિવાલયમાં ખળભળાટ : મહિલા કર્મચારીઓની સતામણીના આક્ષેપો સાથે સ્ટાફ એસોસીએશનનો મુખ્યમંત્રીને પત્ર: મહિલા કર્મચારીઓની પીડા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશન દ્વારા મુખ્યમંત્રી ને લખાયેલા એક પત્રે ગાંધીનગરના સચિવાલય અને પંચાયત, ગ્રામ વિકાસ વિભાગમાં ભારે હડકંપ મચાવી દીધો છે. આ પત્રમાં પંચાયત ગ્રામ વિકાસ વિભાગના કેટલાક વરીષ્ઠ અધિકારીઓ દ્વારા મહિલા કર્મચારીઓ અને અધિકારીઓ સાથે થયેલી લૈંગિક સતામણીના ગંભીર આક્ષેપો ઉઠાવવામાં આવ્યા છે. પત્રમાં નાયબ સચિવ, સેકશન અધિકારી અને ઉપ સચિવ કક્ષાના અધિકારીઓના નામોનો ઉલ્લેખ સાથે અશોભનીય વર્તનની ઘટનાઓની વિગતો આપવામાં આવી છે. આ મુદ્દે એસોસીએશને તાત્કાલીક તપાસ અને દોષિતો વિરૂધ્ધ કડક કાર્યવાહીની માંગણી કરી છે. જેનાથી વહિવટી તંત્રમાં ચર્ચાનુ મોજુ ફરી વળ્યુ છે.



ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશનના પત્ર અનુસાર, પંચાયત ગ્રામ વિકાસ વિભાગમાં ફરજ બજાવતા કેટલાક વરીષ્ઠ અધિકારીઓ દ્વારા મહિલા કર્મચારીઓ સામે અશોભનીય વર્તનની ઘટનાઓ નોંધાઈ છે. પત્રમાં આક્ષેપ કરાયો છે કે આ અધિકારીઓ દ્વારા વર્તન બહુજ ખરાબ રીતે કરવામાં આવે છે. જેમાં (૧) ગંદી નજરે જોવુ-મહિલા કર્મચારીઓને અસહજ કરતી રીતે નજરે જોવાની ઘટનાઓ (૨) અશ્વલીલ ટીપ્પણીઓ-વ્યકિતગત અને અભદ્ર ટીપ્પણીઓ કરીને મહિલાઓનુ અપમાન (૩) અશોભનીય મશ્કરી-કાર્ય સ્થળે અયોગ્ય ટુચકાઓ અને મજાક દ્વારા અસહજ વાતાવરણ ઉભુ કરવુ (૪) ચેમ્બરમાં બોલાવી ગેરવર્તન-મહિલા કર્મચારીઓને વારંવાર ચેમ્બરમાં બોલાવી, અનાવશ્યક વાતચીતમાં ખેંચવુ અને વ્યકિતગત ટીપ્પણીઓ કરવી.

આ પ્રકારના વર્તનને કારણે મહિલા કર્મચારીઓ કાર્યસ્થળે અસુરક્ષિત અનુભવે છે અને માનસિક તણાવનો સામનો કરે છે. પત્રમાં જણાવાયુ છે કે આવુ વર્તન માત્ર શિસ્તભંગ જ નથી પરંતુ કાર્ય સ્થળે વિશ્વાસ અને સન્માનની પરંપરાને પણ નુકશાન પહોચાડે છે. પત્રમાં એવો પણ ઉલ્લેખ કરાયો છે કે કેટલીક મહિલા કર્મચારીઓએ વ્યકિતગત રીતે એસોસીએશન સમક્ષ તેમની પીડા વ્યકત કરી છે. આ મહિલાઓએ જણાવ્યુ હતુ કે તેમને વારંવાર ચેમ્બરમાં બોલાવીને બિન જરૂરી વાતચીતમાં ખેંચવામાં આવે છે અને અયોગ્ય ટીપ્પણીઓનો સામનો કરવો પડે છે. આવા બનાવોથી કર્મચારીઓનુ મનોબળ તુટે છે અને કાર્યક્ષમતા પર અસર પડે છે. એસોસીએશનનો દાવો છે કે આ મુદ્દો એકલ દોકલ ઘટનાઓ સુધી મર્યાદીત નથી પરંતુ તે એક વ્યાપક સમસ્યાનુ સ્વરૂપ ધરાવે છે.

ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશને મુખ્યમંત્રીને લખેલા પત્રમાં આ મુદ્દે તાત્કાલીક અને કડક પગલા લેવાની માંગણી કરી છે. એસોસીએશનની મુખ્ય માંગણીઓ તરફ નજર કરીએ તો (૧) તાત્કાલીક તપાસ-આક્ષેપોની ગંભીરતાને ધ્યાને લઈ, સ્વતંત્ર અથવા આંતરીક સમિતિ દ્વારા નિષ્પક્ષ તપાસ હાથ ધરવી (૨) દોષિતો સામે કાર્યવાહી-આક્ષેપો સાચા સાબિત થાય તો સંબંધિત અધિકારીઓ સામે કડક વહિવટી અને કાનુની કાર્યવાહી (૩) મહિલા સુરક્ષા માટે પગલા- કાર્યસ્થળે મહિલાઓની સુરક્ષા અને ગૌરવ જાળવવા વિભાગ સ્તરે નકકર પગલા લેવા (૪)"જીૐ સમિતિનું સશકિતકરણ-લૈંગિક સતામણી વિરોધી આંતરીક ફરીયાદ સમિતિઓ (હીહિક્ષ્ટ ર્ઙ્ઘદ્બદ્બૈંહજ ર્ઙ્ઘદ્બૈ ) ને વધુ સક્રિય અને શસકત બનાવવી.

એસોસીએશને ભારપૂર્વક જણાવ્યુ છે કે આવા વર્તનને રોકવા માટે શુન્ય સહન શીલતાની નીતિ ( ડીર્િક્ષ્ટિહિષ્ઠી ૈંક્ષ્ઠઅ )અપનાવવી જરૂરી છે જેથી કાર્યસ્થળે મહિલાઓ માટે સુરક્ષિત અને આદર યુકત વાતાવરણ ઉભુ થાય. હાલ સુધી રાજય સરકાર કે પંચાયત ગ્રામ વિકાસ વિભાગ તરફથી આ મુદ્દે કોઈ સત્તાવાર પ્રક્રિયા આવી નથી. જો કે સુત્રોના કહેવા પ્રમાણે પત્રની ગંભીરતાને ધ્યાને લઈને પ્રાથમિક તપાસ શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આક્ષેપોની સંવેદનશીલતાને જોતા આ મામલે આંતરીક સમિતિ અથવા સ્વતંત્ર એજન્સી દ્વારા વિગતવાર તપાસ હાથ ધરાય તેવી શકયતા છે. સરકાર આ મુદ્દે કડક અભિગમ અપનાવે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી રહી છે.

# ગુજરાત સરકારનું દેવુ જેટ ગતિએ વધ્યું તેમ છતાં સરકાર દ્વારા તાયફાઓ પાછળ ધુમ ખર્ચ

પ્રતિનિધિ,ગાંધીનગર

વિકસિત ગુજરાત જાણે ધીરે ધીરે દેવાદાર ગુજરાત બની રહ્યુ હોય તેમ હવે જાહેર દેવુ વધી રહ્યુ છે. સંસદમાં રજુ થયેલા રીપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૪-૨૫ માં ગુજરાતનુ દેવુ વધીને ૪.૯૦ લાખ કરોડ સુધી પહોચ્યુ છે.




વિકાસના નામે સરકારી તાયફા અને ઉત્સવો પાછળ ધુમ ખર્ચ કરવામાં આવી રહ્યો છે જે રીતે દેવુ વધી રહ્યુ છે તે જોતા પ્રત્યેક ગુજરાતીના માથે દેવુ વધી રહ્યુ છે.

ગુજરાતનુ દેવુ વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂપીયા ૩.૬૦ લાખ કરોડ હતું, જે વર્ષ ૨૦૨૪-૨૫ માં વધીને રૂપીયા ૪.૯૦ લાખ કરોડ સુધી પહોચી ગયુ છે, આ જોતા ગુજરાતના દેવામાં રૂપીયા ૧.૩૦ લાખ કરોડ નો મોટો વધારો થયો છે. સરકારનો એવો તર્ક રહ્યો છે કે સરકારી ગ્રાન્ટ સાથે નવી સરકારી યોજનાઓ થકી રાજયની જનતાઓ માટે વિકાસના કામો પાછળ વધુ ખર્ચ કરવો પડે છે. દર વરસે બજેટની રકમમાં વધારો કરી સરકારે જાણે સિધ્ધી મેળવી હોય તેમ પ્રચાર કરે છે. પણ હકીકત એ છે કે ગુજરાતના બજેટ કરતા દેવુ વધુ છે. જેટ ગતિએ રાજયનુ દેવુ વધી રહ્યુ છે. જે આર્થિક નિષ્ણાંતોને મતે ચિંતાજનક મુદ્દો છે. સરકારી દેવામાં પણ જાણે વિકાસ થઈ રહ્યો છે. હાલ પ્રત્યેક ગુજરાતી બાળક રૂપીયા ૬૬ હજાર થી વધુનુ દેવુ લઈને જન્મ લઈ રહ્યો છે.

# હિંમતનગર તાલુકાના વીરપુર ગામે (મીનીભારત)પરંપરા મુજબ ક્ષત્રીય સમાજના આગેવાન દ્વારા ધ્વજ વંદન કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

હિંમતનગર તાલુકાના મીનીભારત કહેવાતા વીરપુર ગામે છેલ્લા વીસેક વર્ષથી ચાલતી ગામની પરંપરા મુજબ સરપંચ તરફથી જુદા જુદા સમાજના લોકોને ધ્વજવંદન કરવાનો મોકો આપવામાં આવે છે.

જે પરંપરા મુજબ ક્ષત્રીય સમાજ તરફથી અનિલસિંહ ભવાનસિંહ ચૌહાણ ના વરદ હસ્તે ૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર દિન નિમિત્તે શાળામાં ધ્વજવંદન કરી રાષ્ટ્રીય તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન અનિલસિંહ ચૌહાણે ગ્રામજનોનો આભાર માન્યો હતો.

